પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ • અંક : ૧૫૬ • કુલ પાના : ૪ • તારીખ : ૨૬-૦૨-૨૦૨૪ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## મેં ઊંડા દરિયામાં જઈને પ્રાચીન દ્વારકાજીના દર્શન કર્યા', જનસભામાં બોલ્યા વડાપ્રધાન મોદી

દ્વારકા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત પ્રવાસે છે. તેમણે આજે (રવિવાર) સવારે બેટ દ્વારકા મંદિરમાં પૂજા-અર્ચના કરી હતી. ત્યારબાદ સુદર્શન સેતુનું લોકાર્પણ કર્યું હતું. ત્યાંથી વડાપ્રધાન દ્વારકાધીશ મંદિર પહોંચ્યા હતા જ્યાં દ્વારકાધીશના દર્શન કર્યા હતા. ત્યારબાદ તેમણે દ્વારકાના દરિયામાં સ્કૂબા ડાઈવિંગ કર્યું હતું. ત્યારબાદ વડાપ્રધાન મોદી દ્વારકામાં જનસભાને સંબોધિત કરવા પહોંચ્યા હતા. અહીં તેમનું સોનાનો મુગટ પહેરાવીને સ્વાગત કરાયું હતું.



જનસભાને સંબોધિત કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'વડાપ્રધાન મોદીએ કહ્યું કે, મેં ઊંડા દરિયામાં જઈને પ્રાચીન દ્વારકા જીના દર્શન કર્યા. પુરાતત્વના જાણકારોએ દરિયામાં સમાયેલી આ દ્વારકા અંગે ઘણું બધુ લખ્યું છે. કહેવામાં આવે છે કે, ભગવાન વિશ્વમકર્માએ ખુદ આ દ્વારકાનગરીનું નિર્માણ કર્યું હતું. આજે મારું મન ખુબ ગદગદ છે. હું ભાવવિભોર છું. દાયકાઓ સુધી જે સપનું જોયું હોય અને આજે તે પવિત્ર ભૂમિને સ્પર્ષ કરીને પૂર્ણ થશે. તમે કલ્પના કરી શકો છો કે, મારી અંદર કેટલો આનંદ હશે.'પીએમ મોદીએ કહ્યું, 'હું ભગવાન શ્રી કૃષ્ણની કર્મભૂમિ દ્વારકાધામને શ્રદ્ધાપૂર્વક નમન કરું છું. દેવભૂમિ દ્વારકામાં ભગવાન શ્રીકૃષ્ણ દ્વારકાધીશના રૂપમાં બિરાજમાન છે. અહીં જે પણ થાય છે તે દ્વારકાધીશની મરજીથી જ થાય છે. મેં દરિયામાં ઊંડે સુધી જઈને પ્રાચીન દ્વારકાજીને જોયા. પુરાતત્ત્વવિદોએ સમુદ્રમાં તે દ્વારકા વિશે ઘણું લખ્યું છે. કહેવાય છે કે ભગવાન વિશ્વકર્માએ પોતે આ દ્વારકાનગરીનું નિર્માણ કર્યું હતું. આજે મારું હૃદય અહોભાવથી ભરાઈ ગયું છે. હું અભિભૂત થઈ ગયો છું. દાયકાઓથી જે સપનું સેવવામાં આવ્યું છે અને આજે તે પવિત્ર ભૂમિને સ્પર્શ કરીને પૂર્ણ કરવામાં આવ્યું છે.

લોકકથા અનુસાર, ભગવાન શ્રીકૃષ્ણે દ્વારકા નગરીની સ્થાપના કરવા માટે સમુદ્રમાંથી એક સ્થળ માંગ્યું હતું. ભગવાનની આ વિનંતી દરિયા દેવ ન અવગણી શક્યાં અને તેમની ઈચ્છાનુસાર એક સ્થળ સોંપી દીધું. આ પછી ભગવાન શ્રી કૃષ્ણએ સમુદ્રમાંથી નીકળેલા સ્થાન પર દ્વારકા શહેરનું નિર્માણ કર્યું. કહેવાય છે કે આખી નગરી સોનાની બનેલી હતી.

મહાભારતના યુદ્ધ પછી ભગવાન કૃષ્ણ જ્યારે દ્વારકા પાછા ફર્યા ત્યારે તેમણે જોયું કે પરિવારના સભ્યો સંપત્તિ માટે અંદરોઅંદર લડી રહ્યાં છે અને તેમનામાં નફરત પણ વધી રહી છે ઘણું સમજાવવા છતાં પણ સફળ ન થતાં કન્હૈયા ખુબ દુખી દુખી રહેવા લાગ્યાં આ પછી ભગવાન શ્રીકૃષ્ણ ખબર પડી હતી કે પોતે હવે સદેહે રજા લઈ જોઈએ અને વૈકુઠવાસમાં પાછા જવું જોઈએ. આ શુભ ઘડી પણ એક દિવસ આવી.

એક દિવસ ભગવાન શ્રીકૃષ્ણ સોમનાથ પાસે ભાલકાની નદી કિનારે બેસીને વાંસળી વગાડી રહ્યા હતા ત્યારે એક પારધીએ હરણ સમજીને તેમને તીર માર્યું હતું જે તેમના પગે વાગ્યું હતું. તીર ઝેરવાળું હોવાથી ભગવાનના આખા શરીરમાં ઝેર વ્યાપી ગયું હતું અને તેમને ખબર પડી કે તેમનો અંતકાળ હવે નજીકમાં છે. જોકે ભગવાને પોતે જ આ સ્થિતિ નિર્મિત કરી હોવાનું પણ કહેવાય છે. પોતાનો અંત નજીક જાણીને ભગવાને દરિયા દેવને તેમની જગ્યા પરત લેવા વિનંતી કરી. આના થોડા સમય બાદ તેમનું અવસાન થયું. જયારે ભગવાન હરિ તેમના માનવ અવતાર પૂર્ણ કર્યા પછી ક્ષીર સાગરમાં પાછા ફર્યા, ત્યારે સમુદ્ર દેવે વિસ્તાર કર્યો અને સમગ્ર દ્વારકા શહેરને પોતાના આલિંગનમાં લીધું (ગુજરાતની દ્વારકા નગરી સમુદ્રમાં ડૂબી ગઈ). આ સાથે સોનાથી બનેલી દ્વારકા નગરી કાયમ માટે દરિયામાં ડૂબી ગઈ હતી.આજે મને સુદર્શન સેતુના લોકાર્પણનું પણ સૌભાગ્ય મળ્યું છે. ૬ વર્ષ પહેલા મને આ સેતુના શિલાન્યાસનો અવસર મળ્યો હતો. આ સેતુ ઓખી બેટ દ્વારકાને જોડશે અને દ્વારકાધીશના દર્શનને સરળ બનાવશે. જેનું સપનું જોયું, તેની આધારશિલા રાખી.. તેને પૂર્ણ કર્યું. આ જ ઈશ્વરરૂપી જનતા-જનાર્દનના સેવક મોદીની ગેરેન્ટી છે.'

નોંધનીય છે કે, વડાપ્રધાન દ્વારા ગુજરાતને અંદાજે રૂ. ૩૫,૭૦૦ કરોડની રકમના પ્રકલ્પોની ભેટ મળશે. વડાપ્રધાનના હસ્તે જે લોકાર્પણ-ખાતમુહૂર્ત થવાના છે, તેમાં નેશનલ હાઈવેના રૂ. ૩૮૦૦ કરોડથી વધુની રકમના વિવિધ પ્રોજેક્ટસ, રેલવે વિભાગના રૂ. ૨૧૦૦ કરોડથી વધુ રકમના પ્રકલ્પ, રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના રૂ. ૧૫૫૦ કરોડથી વધુ પ્રોજેક્ટસ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ હેઠળના રૂ. ૫૫૦ કરોડથી વધુના મૂલ્યના વિકાસ પ્રકલ્પો, માર્ગ અને મકાન વિભાગ હેઠળના રૂ. ૨૦૦ કરોડથી વધુના મૂલ્યના વિકાસ પ્રકલ્પો પાણી પુરવઠા વિભાગ હેઠળના રૂ. ૨૫૦ કરોડથી વધુના મૂલ્યના વિકાસ પ્રકલ્પો, પ્રવાસન વિભાગના રૂ. ૬૦ કરોડથી વધુના વિકાસ પ્રકલ્પોનો સમાવેશ થાય છે.

## ઘોર બેદરકારી! ડ્રાઈવર વિના જ ૧૦૦ કિમી/કલાકની ઝડપે દોડી માલગાડી

કઠુઆ,

કઠુઆ રેલવે સ્ટેશન પર મોટી બેદરકારી સામે આવી છે. ઢોળાવને કારણે સ્ટેશન પર રોકાયેલી એક માલગાડી અચાનક ડ્રાઈવર વિના પઠાણકોટ તરફ આગળ વધવા લાગી. ઘટનાને પગલે અફરાતફરી મચી ગઈ હતી. જો કે બાદમાં પંજાબના મુકેરિયામાં ઉંચી બસ્સી પાસે ટ્રેનને રોકી દેવામાં આવી હતી.



ડિવિઝનલ ટ્રાફિક મેનેજર જમ્મુનું કહેવું છે કે આ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે. એક અહેવાલ મુજબ ૭૦ કિમી સુધી લોકો પાયલોટ વિના દોડી માલગાડી હોવાનુ સામે આવ્યું છે. જેની ઝડપ ૧૦૦ કિમી પ્રતિકલાક હોવાનું સામે આવ્યુ છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, રેલવે અધિકારીઓને આ બાબતની જાણ થતાં જ ખળભળાટ મચી ગયો હતો. એકાએક જ માલસામાન ભરેલી ટ્રેન કઠુઆ રેલ્વે સ્ટેશનથી પઠાણકોટ તરફ લોકોમોટિવ પાઈલટ વિના જ ચાલવા લાગી હતી. માટે રિકવરી એન્જિન ટ્રેનને રોકવા માટે મોકલવામાં આવ્યું હતું. જો કે ભારે જહેમત બાદ જ્યારે ડ્રાઈવર વગર ચાલતી માલસામાન ટ્રેન પંજાબના મુકેરિયાના ઉચી બસ્સી પાસે રોકાઈ ત્યારે લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. વીજ પૂરવઠો બંધ કરી ટ્રેનને અટકાવવામાં આવી હતી. જો કે આવી ઘોર બેદરકારીને પગલે રેલવે તંત્ર દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ડ્રાઈવર વિના ટ્રેનો પોતાની મેળે દોડતી હોવાના કિસ્સાઓ અગાઉ પણ સામે આવ્યા છે. મળતી માહિતી મુજબ, ૨૦૧૨માં બિહારમાં શ્રમજીવી એક્સપ્રેસના ડ્રાઈવરે તેને પટના યાર્ડમાં પાર્ક કરીને છોડી દીધી હતી. ટેક્નિકલ ખામીના કારણે ટ્રેન યોગ્ય રીતે ઉભી રહી શકી ન હતી. આવી સ્થિતિમાં ટ્રેન ધીમી ગતિએ ચાલવા લાગી. આ જોઈને ત્યાં હોબાળો મચી ગયો હતો. સ્ટેશન માસ્તરે તરત જ તે રૂટ પરથી પસાર થતી તમામ ટ્રેનોને રોકવા માટે એલર્ટ જારી કર્યું હતું. આ પછી બીજા ડ્રાઈવરે ટ્રેનનો પીછો કર્યો અને ટ્રેનમાં ચઢી ગયો અને બ્રેક લગાવીને ટ્રેનને રોકી દીધી

## ખેડૂત સંગઠનોની જાહેરાત બાદ સિંઘુ અને ટિકરી બોર્ડર ખુલવા લાગી પોલીસ હટાવી રહી છે બેરીકેટ્સ

નવીદિલ્હી,

ખેડૂતોના આંદોલન વચ્ચે દિલ્હી પોલીસે મોટો નિર્ણય લીધો છે. દિલ્હી પોલીસ ટિકરી અને સિંઘુ બોર્ડર પર ખેડૂતોને રોકવા માટે લગાવવામાં આવેલા બેરિકેડ્સને અસ્થાયી રૂપે હટાવી રહી છે જેથી રસ્તો સામાન્ય ટ્રાફિક માટે ખોલી શકાય. જણાવવામાં આવી રહ્યું છે કે પોલીસ બંને તરફના રોડનો એક ભાગ ટ્રાફિક માટે ખોલી રહી છે. ખેડૂતોને દિલ્હીમાં પ્રવેશતા રોકવા માટે પોલીસે બંને સરહદો પર કોંક્રીટની દીવાલો લગાવી દીધી હતી.

દિલ્હી પોલીસ દ્વારા બેરીકેટ્સ હટાવવાની હિલચાલ વચ્ચે ખેડૂત નેતા સર્વન સિંહ પંઢેરનું નિવેદન પણ સામે આવ્યું છે.તેમણે કહ્યું કે આંદોલન ચાલુ રહેશે અને ભાવિ રણનીતિ અંગે ૨૯ ફેબ્રુઆરીએ મોટી જાહેરાત કરવામાં આવશે. તેમણે કહ્યું કે હાલમાં અમે તમામ સંગઠનોને બોલાવીને આંદોલનની રૂપરેખા અંગે ચર્ચા કરીશું અને પછી તેની જાહેરાત કરીશું.

પંજાબ-હરિયાણા બોર્ડર પર ખેડૂતો હજુ પણ લઘુત્તમ ટેકાના ભાવ સહિત લગભગ એક ડઝન માંગણીઓ સાથે ઉભા છે. ખેડૂતોએ બે વખત હરિયાણા સરહદ પાર કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ હરિયાણા પોલીસે તેમનો પીછો કર્યો હતો. જે બાદ ખેડૂતો શંભુ બોર્ડર પર ઉભા છે અને દિલ્હી જવાનો નિર્ણય બે દિવસ માટે મોકૂફ રાખ્યો છે. ખેડૂત નેતાઓએ કહ્યું હતું કે તેઓ ૨૯ ફેબ્રુઆરી સુધી દિલ્હી કૂચ નહીં કરે.

## અમિત શાહ આવશે ગુજરાત પ્રવાસે, ૭૫૮ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે..

ગાંધીનગર,

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ગુજરાત પ્રવાસે આવશે. જેમાં ૨૭ ફેબ્રુઆરીએ વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત, લોકાર્પણ કરશે. તેમાં ગાંધીનગર મતવિસ્તારમાં વિકાસકાર્યોની ભેટ આપશે. જેમાં ૭૫૮ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

ઉલ્લેખનીય છે કે સેક્ટર-૨૧ની સ્માર્ટ લાઈબ્રેરીનું લોકાર્પણ કરશે. તેમજ ગુડાના ૨૬૬૩ આવાસનો ડ્રો યોજાશે તેમાં હાજરી આપશે.

તથા અમિત શાહ પેથાપુરમાં જાહેર સભા સંબોધશે. ૪.૧૩ કરોડના ખર્ચે બનેલા ૪ સ્કૂલના નવા મકાન તેમજ ૫૦ લાખના ખર્ચે તૈયાર થયેલું ચ-૨ ખાતેનું ટ્રાફિક સર્કલ અને સેક્ટર-૬માં ૭૩ લાખના ખર્ચે ડોક્ટર હાઉસ પાસેનું પાર્કિંગ તથા પાવરગ્રીડ કોર્પોરેશન તરફથી મળેલું રોડ સ્વીપર મશીન અને ૧૧ કરોડના ખર્ચે સેક્ટરોના એપ્રોચ રોડ ફોરલેન કરવાની કામગીરી તેમજ રક્ષાશક્તિ સર્કલથી કોબા સુધી ૧૧.૮ કરોડના ખર્ચે લેન્ડસ્કેપીંગ અને બ્યુટીફિકેશન થશે.

રક્ષાશક્તિ સર્કલથી કોબા સુધી ૩ કરોડના ખર્ચે ફૂટપાથ અને ફેન્સીંગ તેમજ રાયસણ ખાતે પીડીપીયુ રોડ પર ૯ કરોડના ખર્ચે બ્યુટીફિકેશન- લેન્ડ સ્કેપીંગ તથા રાયસણ સિગ્નેચર બ્રિજ પાસે ૧.૨૫ કરોડના ખર્ચે બનાવાયેલો બગીચો અને કુડાસણ અને વાવોલ વિસ્તારમાં ૨.૫ કરોડના ખર્ચે તૈયાર થયેલી લાયબ્રેરીનું ખાતમુહૂર્ત કરાશે. તથા ૧૫ કરોડના ખર્ચે ચ- રોડ પર સેક્ટર-૨૧-૨૨ વચ્ચે અન્ડરપાસ તથા ૧.૧૫ કરોડના ખર્ચે કોટેશ્વર ખાતે ગાર્ડનનું લોકાર્પણ કરાશે.

## મોદીના ગેરંટી કાર્ડ પર કોઈ તારીખ નથી: શરદ પવારનો વડાપ્રધાન પર પ્રહાર

મહારાષ્ટ્ર,

શરદચંદ્ર પવારના વડા શરદ પવારે શનિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગેરંટી ક્યારેય પુરી થઈ નથી. પુણેમાં ઈન્ડિયા એલાયન્સની બેઠકમાં કાર્યકરોને સંબોધતા પવારે કહ્યું કે પીએમ મોદીએ લોકોને જે વચનો આપ્યા હતા તે ક્યારેય પૂરા થયા નથી. તેમણે કહ્યું કે મોદીના ગેરંટી કાર્ડ પર કોઈ તારીખ નથી.

શરદ પવારે કહ્યું કે વડાપ્રધાન મોદી દેશને એક અલગ રસ્તે લઈ જવાનો પ્રયાસ કરી રહ્યા છે. દેશના શાસકો લોકોના કલ્યાણ માટે કામ કરતા નથી. ખેડૂતો ભારે મુશ્કેલીમાં છે. તેઓ એક વર્ષથી વધુ સમયથી કેન્દ્ર સરકાર સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે પરંતુ મોદી સરકાર તેમની તરફ ધ્યાન આપી રહી નથી. **NCP** ચીફે કહ્યું આજે મોદીની ગેરંટી ક્યાં છે? પીએમ મોદીએ ઘણા વચનો આપ્યા હતા પરંતુ તે ક્યારેય પૂરા થયા નથી.

પવારે કહ્યું કે આજની બેઠક ઐતિહાસિક છે. મહારાષ્ટ્ર અને દેશમાં આગામી ચૂંટણીમાં પરિવર્તન જોવા મળશે. તેમણે કહ્યું કે સરકાર વિપક્ષી નેતાઓની ધરપકડ કરીને અને ઈડી, સીબીઆઈ અને ઈક્મટેક્સ વિભાગ જેવી એજન્સીઓનો ઉપયોગ કરીને સત્તાનો દુરુપયોગ કરી રહી છે. પવારે કહ્યું કે પીએમ મોદીએ ભોપાલમાં કહ્યું હતું કે એનસીપી ભ્રષ્ટ પાર્ટી છે. હું આ નિવેદનને પડકારું છું.તેમણે કહ્યું કે જો મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ બેંક કે સિંચાઈ પ્રોજેક્ટ્સમાં કોઈ કૌભાંડ થયું હોય તો તપાસ થવા દો. આ દરમિયાન મહારાષ્ટ્ર કોંગ્રેસના અધ્યક્ષ નાના પટોલે અને શિવસેના (યુબીટી) નેતા સચિન આહિર પણ હાજર હતા.

દરમિયાન, મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ નાના પટોલેએ કહ્યું કે શિંદે સરકારે મરાઠા અને ધનગર સમુદાયોને આરક્ષણ અંગે ઘણા આશ્વાસન આપ્યા હતા, પરંતુ તેને પૂરા કરવામાં નિષ્ફળ રહી છે. તેમણે કહ્યું કે શિંદેની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર સરકારે મરાઠા અને ઓબીસી સમુદાયો વચ્ચે સંઘર્ષ સર્જ્યો હતો. પટોલેએ કહ્યું કે ભાજપે અનેક પાપ કર્યા છે. હવે તેમને સત્તા પરથી હટાવવાનો સમય આવી ગયો છે.

શરદ પવારે કહ્યું કે વડાપ્રધાન મોદીએ લોકોને જે વચનો આપ્યા હતા તે ક્યારેય પૂરા થયા નથી. મોદીના ગેરંટી કાર્ડ પર કોઈ તારીખ નથી. તેમણે કહ્યું કે ખેડૂતો એક વર્ષથી વધુ સમયથી કેન્દ્ર સરકાર સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે પરંતુ મોદી સરકાર તેમના પર ધ્યાન આપી રહી નથી.

## યૂક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધને ૨ વર્ષ પૂર્ણ

રશિયા,

યૂક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધને ૨ વર્ષ પૂર્ણ થયા છે. ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨માં રશિયાએ યૂક્રેન પર હુમલા શરૂ કર્યા હતા. રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને તેને સૈન્ય કાર્યવાહી ગણાવી હતી જે અત્યાર સુધી ચાલુ જ છે. બન્ને દેશના લાખો લોકો ૨ વર્ષથી યુદ્ધનો ત્રાસ સહન કરી રહ્યાં છે. આ દરમિયાન આપણે જાણીયે ૨ વર્ષમાં યુદ્ધમાં બન્ને દેશમાં કેટલું નુકસાન થયું.

રશિયા અને યૂક્રેન વચ્ચે ટકરાવ નવો નથી. વર્ષ ૨૦૧૪માં રશિયાએ યૂક્રેનના ટાપુ ક્રીમિયા પર કબ્જો કરી લીધો હતો. તે બાદથી બન્ને દેશ વચ્ચે સ્થિતિ ટકરાવપૂર્ણ કરી છે. તેનું સૌથી મોટું કારણ યૂક્રેનનો પશ્ચિમ તરફ ઝુકાવ અને ઉત્તરી એટલાન્ટિક સંધિ સંગઠન (ƙઈ)માં સામેલ થવાની ઈચ્છા હતી. રશિયાને ડર છે કે જો યૂક્રેન ƙઈમાં સામેલ થઈ ગયું તો તેની મુશ્કેલી વધી શકે છે. યુદ્ધમાં યૂક્રેનના ૧૦ હજાર નાગરિકોના મોત થયા છે જ્યારે ૧૮,૫૦૦ લોકો ઘાયલ થયા છે. ૩૦ હજાર કરતા વધુ યૂક્રેની હજુ પણ ગાયબ છે. યૂક્રેનના ૧.૭૬ કરોડ લોકો રાહત સામગ્રીના વિશ્વાસે રહે છે. સંયુક્ત રાષ્ટ્ર (ƙ)નું કહેવું છે કે ૧.૪ કરોડ લોકો યુદ્ધને કારણે વિસ્થાપિત થયા છે. તે યૂક્રેનની કુલ વસ્તીના લગભગ એક તૃતિયાશ છે.

૨ વર્ષમાં બન્ને દેશના ૫ લાખથી વધુ સૈનિકોના મોત થયા છે. જોકે, બન્ને દેશ નુકસાનના અલગ અલગ આંકડા જણાવે છે પરંતુ કેટલાક અનુમાનમાં તેમની સંખ્યા ૫ લાખ કરતા વધુ આંકવામાં આવી છે. અમેરિકાનું કહેવું છે કે અત્યાર સુધી ૩.૧૫ લાખ રશિયાના સૈનિકોના મોત થયા છે. સ્થિતિ એવી બની ગઈ છે કે બન્ને દેશ સૈનિકોની ભારે કમી સામે ઝઝુમી રહ્યાં છે. અત્યાર સુધી રશિયાએ યૂક્રેનની ૧૮ ટકા જમીન પર કબ્જો કરી લીધો છે. યૂક્રેનના ૬ મોટા શહેર- સેવેરોડોનેટ્સ્ક, લુહાંસ્ક, જપોરિજિયા, મારિયુપોલ અને મેલિટોપોલ આંશિક અથવા પૂર્ણ રીતે રશિયાના કબ્જામાં છે.તાજેતરમાં યૂક્રેનના સૈનિક અવદિવકા શહેરમાંથી પાછળ ખસી ગયા હતા. હવે આ શહેર પણ રશિયાના કબ્જામાં છે. રશિયાએ બ્લેક સીના મોટાભાગ પર કબ્જો કરી લીધો છે.રશિયા-યૂક્રેન યુદ્ધના નજીકના ભવિષ્યમાં રોકાવાની શક્યતા નથી. વિશ્લેષકોનું માનવું છે કે માત્ર સમજૂતિ જ યુદ્ધને ખતમ કરાવી શકે છે પરંતુ બન્ને દેશ તેના માટે તૈયાર જોવા મળતા નથી.

યૂરોપિયન કાઉન્સિલ ઓન ફોરેન રિલેશન્સનો એક સર્વે કહે છે કે મોટાભાગના યૂરોપીય લોકો રશિયા વિરૂદ્ધ યુદ્ધમાં યૂક્રેનનું સમર્થન કરે છે પરંતુ ૧૦માંથી માત્ર એકને લાગે છે કે યૂક્રેન જીતી શકે છે. યુદ્ધમાં મોટાભાગના પશ્ચિમ દેશ યૂક્રેનના સમર્થનમાં જોવા મળે છે. અમેરિકા, બ્રિટન અને યૂરોપના કેટલાક દેશ તો યૂક્રેનને કરોડો ડૉલરની સૈન્ય સહાય પણ કરે છે. જોકે, કેટલાક ટિકાકાર પશ્ચિમ પર યૂક્રેનને યુદ્ધમાં ધકેલવાનો આરોપ પણ લગાવે છે. બીજી તરફ ચીન રશિયાનું સમર્થન કરી રહ્યુ છે. સાઉદી અરબ સહિત કેટલાક દેશોએ વાતચીતનો પ્રસ્તાવ પણ મુકયો હતો જેના પર સંમ્મતિ બની શકી ન હતી.

## યુપીમાં ટ્રેક્ટર ટ્રોલી તળાવમાં પડતાં ૨૪ શ્રદ્ધાળુઓના જીવ ગયા



ઉત્તરપ્રદેશ

ઉત્તર પ્રદેશના કાસગંજ જિલ્લામાં એક મોટો અકસ્માત થયો છે. આ દુર્ઘટનામાં ૨૪ લોકોનાં મૃત્યુ થયાં હોવાના અહેવાલ છે. ગ્રામજનો અને પોલીસ-કર્મચારીઓ રાહત અને બચાવ-કામગીરીમાં લાગેલા છે. મળતી માહિતી મુજબ શનિવારે સવારે ૧૦ વાગ્યે કાસગંજના પટિયાલી દરિયાવ ગંજ રોડ પર એક અનિયંત્રિત ટ્રેક્ટર ટ્રોલી તળાવમાં પડી ગઈ હતી.

નજીકના ગ્રામજનો અને પોલીસ-કર્મચારીઓ રાહત અને બચાવ-કામગીરીમાં લાગી ગયા હતા. તળાવમાંથી બચાવાયેલા શ્રદ્ધાળુઓને પટિયાલીના આરોગ્ય કેન્દ્રમાં મોકલવામાં આવ્યા છે. અત્યાર સુધી ૨૪ શ્રદ્ધાળુઓનાં મૃત્યુ થયાં છે. મરનારાઓમાં ૧૩ મહિલાઓ અને ૮ બાળકોનો સમાવેશ છે. શ્રદ્ધાળુઓ એટા જિલ્લાના કાહા ગામના હોવાનું કહેવાય છે.સીએમઓ રાજીવ અગ્રવાલે જણાવ્યું કે આ અકસ્માતમાં ૨૪ લોકોનાં મૃત્યુ થયાં છે. ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે અકસ્માત પર શોક વ્યક્ત કરતાં સોશ્યલ મીડિયા પોસ્ટમાં લખ્યું છે કે 'કાસગંજ જિલ્લામાં માર્ગ-અકસ્માતમાં જાનહાનિ અત્યંત હૃદયદ્રાવક છે. મારી સંવેદના શોકગ્રસ્ત પરિવાર સાથે છે. જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓને તમામ ઘાયલોને યોગ્ય મફત સારવાર આપવા સૂચના આપવામાં આવી છે. ભગવાન શ્રીરામ મૃત આત્માઓને શાંતિ આપે અને ઘાયલોને ઝડપથી સાજા કરે એવી પ્રાર્થના.'

## અયોધ્યામાં અધધધ દાનની આવક, ૨૫ કરોડ રૂપિયાનું મળ્યુ દાન, ૨૫ કિલો સોના-ચાંદીના આભૂષણોઅયોધ્યા

અયોધ્યા

રામ લલ્લાનો ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ યોજાયો. અયોધ્યા રામ મંદિરમાં ૨૨ જાન્યુઆરીએ રામ લલ્લાની મૂર્તિના અભિષેકની વિધિ સફળ થયા બાદ એક મહિનામાં તો દાનની રકમ કરોડોએ પહોંચી છે. આ અંગે રામમંદિર ટ્રસ્ટના અધિકારી પ્રકાશ ગુપ્તાએ માહિતી આપી છે.સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એ રોકડના વિશાળ પ્રવાહનું સંચાલન કરવા માટે ચાર ઓટોમેટિક હાઈ-ટેક કાઉન્ટિંગ મશીનો સ્થાપિત કર્યા છે. તેઓએ વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું કે તેમાં ૨૫ કિલો સોના અને ચાંદીના દાગીના, ચેક, ડ્રાફ્ટ અને રોકડનો સમાવેશ થાય છે. જો કે, અમારી પાસે ટ્રસ્ટના બેંક ખાતામાં સીધા કરવામાં આવેલા ઓનલાઈન વ્યવહારો વિશેની માહિતી નથી. રામ ભક્તોની ભક્તિ એટલી બધી છે કે તેઓ રામ લલા માટે ચાંદી અને સોનાની બનેલી વસ્તુઓનું દાન કરી રહ્યા છે જેનો ઉપયોગ શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં થઈ શકતો નથી, તેમ છતાં ભક્તોની ભક્તિ જોઈને રામ મંદિર ટ્રસ્ટ સોના-ચાંદીની વસ્તુઓનું દાન સ્વીકારી રહ્યું છે. અધિકારીએ જણાવ્યું કે ૨૩ જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૬૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓ અયોધ્યામાં રામલલાના દર્શન કરી ચુક્યા છે.

રામ મંદિર ટ્રસ્ટને રામ નવમીની ઉજવણીની આસપાસ દાનમાં વધારો થવાની અપેક્ષા છે. તે સમયે અયોધ્યામાં લગભગ ૫૦ લાખ ભક્તો હાજર રહેવાની આશા છે. તેમણે કહ્યું કે ટ્રસ્ટ દ્વારા રસીદો આપવા માટે એક ડઝન કોમ્પ્યુટરાઈઝડ કાઉન્ટર સ્થાપિત કરવામાં આવ્યા છે અને રામ મંદિર ટ્રસ્ટ દ્વારા મંદિર પરિસરમાં વધારાની દાન પેટીઓ રાખવામાં આવી રહી છે. રામ મંદિર પરિસરમાં ટૂંક સમયમાં એક વિશાળ અને સુસજ્જ કાઉન્ટિંગ રૂમ બનાવવામાં આવશે.રામ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી અનિલ મિશ્રાએ જણાવ્યું હતું કે તેઓએ રામ લલ્લાને ભેટ તરીકે મળેલું સોનું, ચાંદી અને અન્ય કિંમતી સામગ્રી જાળવણી માટે ભારત સરકારને સોંપવાનો નિર્ણય કર્યો છે. તેમણે કહ્યું કે ટ્રસ્ટે જીૈં સાથે ડોનેશન અંગે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. એમઓયુ મુજબ, ભારતીય સ્ટેટ બેંક (એસબીઆઈ) યોગદાન, દાન, ચેક, ડ્રાફ્ટ અને ચેક એકત્રિત કરવાની, તેમના સંગ્રહની ખાતરી કરવા અને પછીથી તેને બેંકમાં જમા કરવાની સંપૂર્ણ જવાબદારી લેશે. મિશ્રાએ વધુમાં માહિતી આપી હતી કે જીૈંએ કર્મચારીઓની સંખ્યા વધારવા સહિતની તેની ઓપરેશનલ પ્રવૃત્તિઓ શરૂ કરી છે અને રોકડ દાનની સંખ્યા બે શિફ્ટમાં દરરોજ બે વખત કરવામાં આવી રહી છે.

રોજે રોજ તાજું મળશે

રમઝાન માસ માં રોજે રોજ તદ્દન નવીન વેરાયટી વ્યાજબી ભાવે મળશે.

જુના અને જાણીતા

માજિસા સ્વીટ

ભુરાભાઈ



કેસર, પેંડા, ગુલાબ જાંબુ, હલવો, ચવાણું, મીઠાઈ

શુભ પ્રસંગે ઓર્ડર લેવામાં આવશે

રાની મસ્જિદ જૈન દેરાસર રોડ (ઢાળ ઉપર),ગોધરા

નામ બદલેલ છે.

મારું જૂનું નામ કઠીયા ફૈઝાન શબ્બીર હતું જે બદલીને નવું નામ કઠીયા ફૈઝાન શબ્બીર કરેલ છે.

પાસપોર્ટ નંબર એફ 4234530

સરનામું : મોટા મોહલ્લા વેજલપુર તા.કાલોલ જી.પંચમહાલ

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા અંદાજીત ૩૩.૧૬ કરોડના ખર્ચે નિર્માણ પામેલ લુણાવાડા જનરલ હોસ્પિટલના ૧૫૦ પથારીનાં નવીન મકાનનું ઈ-લોકાર્પણ કરાયું

- મહીસાગર જીલ્લા જનરલ હોસ્પિટલ લુણાવાડા ખાતે શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોરની પ્રેરક ઉપસ્થિતિમાં ૧૫૦ પથારીના નવીન મકાનનનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો.
- આરોગ્યની શ્રેષ્ઠ સુવિધાઓ પહોંચે એ માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે : મંત્રી ડો કુબેરભાઈ ડીંડોર.



મહીસાગર, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા રાજકોટ ખાતેથી વર્ચુઅલ રીતે અંદાજીત ૩૩.૧૬ કરોડના ખર્ચે નિર્માણ પામેલ જનરલ હોસ્પિટલ લુણાવાડા ખાતે ૧૫૦ પથારીનાં નવીન મકાનનું ઈ– ઉદ્ઘાટન કરાયું. આ પ્રસંગે લુણાવાડા જનરલ હોસ્પિટલ ખાતે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોરની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો.

આ પ્રસંગે આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રોઢ શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોરએ જણાવ્યું હતું કે, જનરલ હોસ્પિટલ લુણાવાડાના મહીસાગર જીલ્લા સહિત પંચમહાલ, દાહોદ, અરવલ્લી અને રાજસ્થાનના સરહદી વિસ્તારના અંદાજીત ૧૫ થી ૨૦ લાખ લોકોને આરોગ્યલક્ષી સુવિધાઓનો સીધો લાભ મળશે. હાલ સુધી હોસ્પિટલમાં પ્રતિ વર્ષ ઓપીડી થકી એક લાખથી વધુ દર્દીઓ સારવાર લે છે ,નવીન હોસ્પિટલ બનવાથી અંદાજીત વાર્ષિક બે લાખ દર્દીઓ લાભ લઈ શકે તેવી હોસ્પિટલમાં સુવિધા પૂરી પાડવામાં આવનાર છે. હાલમાં વાર્ષિક ૧૨૦૦૦ દર્દીઓને દાખલ કરી આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવામાં આવે છે જેમાં બિલ્ડીંગ બનવાથી વાર્ષિક ૩૦૦૦૦ જેટલા દર્દીઓને દાખલ કરી શકાશે. હાલમાં વાર્ષિક ૨૫૦૦ પ્રસુતિ અને ૫૦૦ સિઝેરિયન ઓપરેશન થાય છે જયારે નવી હોસ્પિટલ ખાતે અદ્યતન સુવિધા થયેથી પ્રસુતિમાં વધારો થઈ શકશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, જનરલ હોસ્પિટલ લુણાવાડા ખાતે નોંધણી, ઈમરજન્સી, રેડિયોલોજી, ફાર્મસી, લેબર એરિયા, ઓપીડી જેમ કે ઓર્થોપેડિક, પીડિયાટ્રિક, ગાયનેક, જનરલ, ડેન્ટલ,ડાયેટિશિયન, ફિઝિયોથેરાપી જેરિયાટ્રિક, સ્કિન, એનઆરસી, ૩ ઓટી કોમ્પ્લેક્સ, લેબોરેટરી સેવા, મેલ અને ફીમેલ વોર્ડ, આઈસોલેશન વોર્ડ, સ્પેશીઅલ રૂમ, એન.આઈ.સી.યુ, પી.આઈ.સી.યુ, બર્ન, આઈ.સી.સી.યુ એસ આઈ સી.યુ, ,બ્લડ બેન્ક, એડમીન ઓફીસ, ઈલેક્ટ્રીકલ પાવર બેક અપ સિસ્ટમ, મોર્ચ્યુરી, લોન્ડ્રી, મેડીકલ ગેસ પાઈપ લાઈન, ઈજ્જીઓ, ઈંટઅઈ ફાયર ફાઈટીંગ સીસ્ટમ, વોટર સપ્લાય, સુઅરેજ સીસ્ટમ, બાયો મેડીકલ વેસ્ટ સીસ્ટમ સહિતની સુવિધા ઉપલબ્ધ થશે.

વધુમાં તેમણે જણાવ્યું કે આરોગ્યની શ્રેષ્ઠ સુવિધાઓ પહોંચે એ માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. જેના પરિણામે રાજ્યમાં મજબૂત આરોગ્ય માળખું વિકસિત થયું છે. આયુષ્માન ભારત યોજનાથી ગંભીર બીમારીઓની સારવાર મેળવી રહેલા લાખો જરૂરિયાતમંદ દર્દીઓ અને તેમના પરિવારજનો પરનું આર્થિક સંકટ ટળ્યું છે. આયુષ્યમાંન કાર્ડ થકી વિનામૂલ્યે ૧૦ લાખ સુધી સુવિધા આપવામાં આવે છે.

આ પ્રસંગે સાંસદ રતનસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, કોરોના સમયે લુણાવાડા ખાતે ઓછા બેડના કારણે દર્દીને અમદાવાદ, બરોડા જવું પડતું હતું ત્યારે આજ રોજ નવીન જનરલ હોસ્પિટલમાં ૧૫૦ પથારી હોવાથી કોઈ પણ દર્દીને બીજા જીલ્લામાં સારવાર માટે જવું નઈ પડે અને ઘર આંગણે અદ્યતન સુવિધાયુક્ત હોસ્પિટલમાં જ લાભ મળી રહેશે. વડાપ્રધાન દ્વારા છેવાડાના માનવીની ચિંતા કરી વિકસિત ભારત સંકલ્પ યાત્રા થકી ઘરઆંગણે વંચિતો અને જરૂરિયાતમંદોને લાભ આપવામાં આવ્યો છે.

આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું લાઈવ પ્રસારણ ઉપસ્થિત મહાનુભાવો સહિત લોકોએ નિહાળ્યું હતું.શિક્ષણ મંત્રી ડો કુબેરભાઈ ડિંડોર અને ઉપસ્થિત મહાનુભાવોએ નવીન જનરલ હોસ્પિટલની મુલાકાત લીધી. આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખ બાબુભાઈ પટેલ,જીલ્લા કલેકટર નેહા કુમારી, જીલ્લા વિકાસ અધિકારી ચંદ્રકાંત પટેલ, નિવાસી અધિક કલેકટર સી વી લટાં, અગ્રણી દશરથભાઈ બારિયા, અગ્રણી જે પી પટેલ, જનરલ હોસ્પિટલ અધિક્ષક, આરોગ્ય અધિકારી, પ્રાંત અધિકારી, ડોકટરો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# પાટીદાર વિકાસ સંસ્થા દ્વારા આયોજીત સર્વરોગ નિદાન મેડીકલ કેમ્પનો મહીસાગર જીલ્લા કલેકટરના હસ્તે શુભારંભ

મલેકપુર , મહીસાગર જીલ્લા કલેકટર નેહાકુમારીએ દેનાવાડ જી કેમ્પસ ખાતે બાવન પાટીદાર સામાજીક શૈક્ષણિક વિકાસ સંસ્થા દ્વારા આયોજીત સર્વરોગ નિદાન મેડીકલ કેમ્પને દીપ પ્રાગટ્ય કરી શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે જીલ્લા કલેકટરે તબીબોની સેવાને બિરદાવતા જણાવ્યું હતું કે કોઈપણ રોગનું વહેલું નિદાન દર્દીને ઝડપ થી અને સરળતાથી સ્વસ્થતા બક્ષે છે અને વહેલા નિદાન માટે નિષ્ણાંત ડોકટરની તપાસ અને સારવાર માર્ગદર્શન જરૂરી છે ત્યારે ઘરઆંગણે આ મેડીકલ કેમ્પમાં સ્થાનિક અને મોટા શહેરોના નિષ્ણાંત ડોકટર તેમની ટીમ તથા સંજીવની રથ ઉપસ્થિત છે, તો તેનો મહત્તમ લાભ લેવા અપીલ કરી હતી. આ મેડીકલ કેમ્પમાં કાર્ડિયાક, સ્ત્રીરોગ, ઓર્થોપેડીક,ન્યુરોલોજી, ડેન્ટલ, એક્યુપંચર સહીત વિવિધ રોગના નિષ્ણાંત ડોકટર અને તેમની ટીમે ઉપસ્થિત રહી દર્દીઓની તપાસ કરી સારવાર માર્ગદર્શન આપ્યું હતું તેમજ વિવિધ પ્રકારના ટેસ્ટ, ઈ.સી.જી તપાસ, ઓ.પી.ડી. સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને ગુજરાત કેન્સર એન્ડ રિચર્સ ઈન્સ્ટિટયૂટના કેન્સર સ્ક્રીનીંગ પ્રોજેકટ આરંભિત સંજીવની રથ દ્વારા એચ પી વી વાયરસ ટેસ્ટ, મેમોગ્રાફીની સેવા આપવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે. મહિલાઓમાં સર્વાઈકલ કેન્સરની શકયતા તપાસવા એચ પી વી વાયરસ ટેસ્ટ અને બ્રેસ્ટ કેન્સરની શક્યતા તપાસવા મેમોગ્રાફી આ બંને ટેસ્ટ જે મોટા શહેરોમાં અંદાજે નવ હજાર રૂપિયામાં થાય છે તેવા ટેસ્ટ પણ નિઃશુલ્ક કરવામાં આવ્યા હતા. સમગ્ર મેડીકલ કેમ્પમાં સંયોજક ગાયનેકોલોજીસ્ટ ડો. આર બી પટેલ સહીત કાર્ડિયાક વિભાગમાં ડો. દિલીપ સંઘવી, ડો.પાર્થ પટેલ, ડો. જીગર પટેલ, ડો. પિન્કેશ પરમાર, સ્ત્રી રોગ વિભાગમાં ડો. કિંજલ પટેલ, ઓર્થોપેડિક વિભાગમાં ડો. જય પટેલ, ડો. સોહમ પટેલ, જનરલ સર્જન ડો. બીરેન પટેલ, ન્યુરોસર્જન ડો. નિમેશ પટેલ, ડેન્ટલ વિભાગમાં ડો.જીમી પટેલ, ડો. જીલ પંડ્યા, ડો.અમીત પટેલ સહિતના તબીબોએ આરોગ્ય સેવા આપી મોટી સંખ્યામાં ઉપસ્થિત લાભાર્થી દર્દીઓની આરોગ્ય તપાસ કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. પાટીદાર સામાજીક શૈક્ષણિક વિકાસ સંસ્થાના પ્રમુખ, મંત્રી સહીત હોદ્દેદારો સભ્યોએ ભારે જહેમત ઉઠાવી કેમ્પને સફળ બનાવ્યો હતો.

# લુણાવાડા ખાતે વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે માતૃભાષા મહોત્સવ અંતર્ગત માતૃભાષા મહિમાગાનનો કાર્યક્રમ યોજાયો



મલેકપુર, ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર, મહિસાગર સાહિત્ય સભા અને લુણાવાડા જેસીઆઈના સંયુક્ત ઉપક્રમે વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે માતૃભાષા મહોત્સવ અંતર્ગત મળી માતૃભાષા મને ગુજરાતી માતૃભાષા મહિમાગાનનો કાર્યક્રમ લુણાવાડા બોરીયાવાલા હોલ ખાતે યોજાયો. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ ધ્વનિ સંદેશના માધ્યમથી સૌને માતૃભાષા દિવસની શુભકામનાઓ પાઠવી હતી.

આ કાર્યક્રમમાં નિબંધપુરૂષ તરીકે પ્રસિધ્ધ જાણીતા સાહિત્યકાર પદ્મ ડો. પ્રવીણ દરજીએ ગુજરાત સરકાર અને સાહિત્ય અકાદમીના ભાષા સંવર્ધનના પ્રયાસોની પ્રસંશા કરતાં અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં જાણીતા કવિઓ કુમાર જૈમીની શાસ્ત્રી, ગાયત્રી ભટ્ટ, માલિની ગૌતમ, ઝલક પટેલ અને નરેન્દ્ર જોશીએ કાવ્યપાઠ કરી માતૃભાષાનું ગૌરવગાન કરી શ્રોતાજનોને રસતરબોળ કર્યા હતા. આ કાર્યક્રમમાં જેસીઆઈ પ્રમુખ પ્રશાંત ગુર્જર, નગરના જાણીતા તબીબો, સાહિત્યપ્રેમી પ્રજાજનો, મહીસાગર સાહિત્ય સભાના પ્રતિનીધીઓ, જેસીઆઈના સભ્યોએ મારા હસ્તાક્ષર મારી ભાષામાં કરવા સંકલ્પબધ્ધ થઈ માતૃભાષામાં હસ્તક્ષર કર્યા હતા અને કવિ સંમેલનને માણ્યું હતું.

# વેણી પ્રાથમિક શાળા સેલોત ફળિયાને જોડતા ૩.૫૦ કિ.મી લંબા અને લગભગ રૂ.૧૭૮ લાખની લાગત દ્વારા નવનિર્મિત રસ્તાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું



આ પ્રસંગે મહિસાગર જીલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારીયા, જીલ્લા પંચાયત ઉપપ્રમુખ નંદાબેન ખાંટ, સંગઠનના મહામંત્રી ભરતભાઈ પટેલ તેમજ તાલુકા પંચાયત સભ્યો સરપંચો અને અન્ય ગ્રામ્યજન ઉપસ્થિત રહ્યા.

# સંતરામપુરમાંં૪૦ વર્ષીય યુવાનું હાર્ટ એટેકથી મોત



સંતરામપુર, સંતરામપુર નગરના બ્રાહ્મણ વડા વિસ્તારમાં રહેતા હરિઓમભાઈ મહેતા પોતાનું કામ પતાવીને ઘરે ગયા હતા. અચાનક છાતીમાં દુખાવો ઉપડો અને એક જ સેકન્ડની અંદર હૃદય રોગ નો હુમલો થવાથી તેમનું મોત થયેલું હતું. નગરમાં ભારે ચર્ચાનો વિષય પણ બની ગયો હતો. આજ રોજ સવારે અંતિમ ક્રિયા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. એક જ મહિનામાં હાર્ટ એટેક થી બે–બે યુવાનોના મોત થયા હતા. એક માસ અગાઉ સંતરામપુર તાલુકા તાલુકા બ્લોક હેલ્થ કચેરીમાં ફાર્માસ્યુટ માં ફરજ બજાવતા મિનહાજભાઈ ગાજી નાઈટમાં નોકરી કરીને આવ્યા અને સવારે થોડીવાર સુવિધા છાતીમાં દુખાવો ઉપાડતા એટેક આવેલું હતું. આ રીતે સંતરામપુર નગરમાં એક જ મહિનામાં હૃદય રોગ હુમલા થી બે યુવાના મોત થયા હતા.

# સંતરામપુર એસ.પી.હાઈસ્કુલ ખાતે મફત મેડીકલ કેમ્પ અને બ્લડ ડોનેશન કેમ્પ યોજયો

સંતરામપુર, આજરોજ કેબિનેટ આદિજાતિ વિકાસ, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી પ્રો. ડો. કુબેરભાઈ ડિંડોર ` સંતરામપુર નગરમાં એસ.પી.હાઈસ્કુલ ખાતે ચારગામ દશા પોરવાડ મહા મંડળ અમદાવાદ દ્વારા આયોજીત મફત મેડિકલ નિદાન અને બ્લડ ડોનેશન કેમ્પમાં હાજરી આપી.આ કાર્યક્રમના પ્રારંભે દીકરીઓ દ્વારા સુંદર અભિનય ગીત રજૂ કરવાના આવ્યું.જે નિહાળી બાળાઓને પ્રોત્સાહિત કરી. આ શ્રેષ્ઠ આયોજન કરવા બદલ આયોજકો ને અભિનંદન પાઠવ્યા કારણ કે આવા સારા કાર્યો થકી જ સમાજ વધુ સ્વસ્થ અને સમૃદ્ધ બનશે. સાથે તબીબો,શિક્ષણગણ,ગ્રામજનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા.

# લુણાવાડા ટાઉન પોલીસની સફળ કામગીરીઃગણતરીના કલાકોમાં વ્યાજખોરોને ઝડપી પાડ્યા, જો કોઈને વ્યાજખોરોથી કનડગત હોય તો પોલીસનો સંપર્ક કરવા Dy.SPની અપીલ

લુણાવાડા, ગતરોજ વ્યાજખોરોના ત્રાસથી મહીસાગરમાં એક યુવાને જીવન ટૂંકાવવાનો પ્રયાસ કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી હતી. લુણાવાડાના બે વ્યાજખોરો સામે વ્યાજખોરી કરતા હોવાની લુણાવાડા ટાઉન પોલીસે ફરિયાદ નોંધાઈ હતી. ત્યારે પોલીસે આરોપીઓને ઝડપી પાડવા માટે તજવીજ હાથ ધરી હતી. લુણાવાડા ટાઉન પોલીસે બંને વ્યાજખોર આરોપી હિતેશ શંકરલાલ જોશી અને કમલેશ જગતનાથ તૈલી ઝડપી પાડ્યા છે.

અંદાજીત આજથી સાતેક મહીના અગાઉ લુણાવાડાના ૩૫ વર્ષીય યુવક ફરીયાદી વસીમ ભટીયારાએ કમલેશ તૈલી અને હિતેશ જોશી પાસેથી અઢી અને ત્રણ લાખ રૂપિયા વ્યાજે લીધા હતા. જે વ્યાજ સહિત નાણા આપી દેવા છતાં વધુ વ્યાજ તથા નાણાની ઉઘરાણી કરતા હતા અને વસીમભાઈએ આપેલા ચેકો બાઉન્સ કરવાની ધમકીઓ આપતા હતા. જેથી વસમીભાઈએ વ્યાજખોરીના ત્રાસથી કંટાળી જઈ ઉંદર મારવાની દવા પી લીધી હતી. જે બાદ તેમની પત્નીને આ અંગે જાણ થતાં પરિવારને જાણ કરી તાત્કાલિક લુણાવાડાની જનરલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ત્યારે લુણાવાડા ટાઉન પોલીસ દ્વારા બંને આરોપીઓને ઝડપી પાડી આગળની વધુ કાર્યવાહી હાથ ધરી છે. બીજી તરફ પરિવાર જનો પણ આ વ્યાજખોરો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માગ કરી રહ્યા છે.

# શહેરા સરકારી દવાખાના અને ઉર્દુ શાળા પાસે રસ્તા ઉપર અકસ્માતનો ભય સ્પીડ બ્રેકર મુકવા માંગ કરી

શહેરા, શહેરા સરકારી દવાખાના પાસે આવેલ ઉર્દુ શાળા માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રસ્તો પસાર કરતી વખતે અકસ્માત થવાનો ભય રહેલો છે. સતત વાહનોની અવરજવર વાળા આ રસ્તા ઉપર સ્પીડ બ્રેકર મૂકવામાં આવે એવી વાલીઓની માંગ ઉઠી હતી.

શહેરા સરકારી દવાખાના પાસે પસાર થતાં ડામર રસ્તાને અડીને આવેલ કુમાર અને ઉર્દુ શાળામાં ૭૫૮ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. શાળા પાસેથી પસાર થતા રસ્તા ઉપર બમ્પ નહી હોવાથી વિદ્યાર્થીઓને અકસ્માતનો ભય રહેલો હોવા છતાં સંબંધિત તંત્ર દ્વારા આ બાબતે કોઈ જ ગંભીરતા લેવામાં આવી રહયુ નથી. જોકે સતત વાહનોની અવરજવર વાળો આ રસ્તો હોવા સાથે અમુક સમયે તો અમુક વાહન ચાલકો વધુ સ્પીડે વાહન લઈને નીકળતા પણ હોય ત્યારે બાળકોના હિતમાં તંત્ર દ્વારા આ પસાર થતાં રસ્તા ઉપર સ્પીડ બ્રેકર મૂકવામાં આવે તે જરૂરી છે. શાળામાં બાળકો આવતા હોય ત્યારે રીશેષમાં તેમજ છૂટવાના સમયે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ રસ્તો ક્રોસ કરીને જતા હોય ત્યારે વાહન ચાલકો તે સમયે ઉભા પણ રહેતા ન હોય ત્યારે આ બાબતને લઈને જાગૃત વાલીઓ દ્વારા જીલ્લા કલેકટરને આવનારા દિવસોમાં રજૂઆત કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ હતું..

# સુરતમાં મહિલાની હત્યા કેસમાં ખુલાસો, ૬૮ વર્ષીય પ્રેમીએ જ પ્રેમિકાની હત્યા કરી

સુરત, સુરતમાં મહિલાના હત્યા કેસમાં મોટો ખુલાસો થયો છે. જેમાં ૬૮ વર્ષીય પ્રેમીએ જ પ્રેમિકાની હત્યા કરી છે. ત્યારે પોલીસે મહારાષ્ટ્રથી આરોપી પ્રેમીને ઝડપ્યો છે. તેમાં ૨૦ વર્ષથી ચાલતા લગ્નેત્તર સંબંધોનો કરુણ અંજામ આવ્યો છે. હત્યાના સ્થળ પરથી મળેલા મોબાઈલ ચાર્જરથી કડી મળી હતી. જેમાં લીંબાયત પોલીસે બ્લાઈન્ડ કેસનો ભેદ ઉકેલ્યો છે. જેમાં સુરત શહેરમાં લીંબાયત સ્થિત નીલગીરી ગ્રાઉન્ડ નજીકથી મહિલાની હત્યા કરાયેલી લાશ મળી હતી. જેમાં પ્રેમીએ જ પ્રેમિકાની હત્યા કરી હતી. તાજેતરમાં જ શહેરના કતારગામ વિસ્તારમાં પ્રેમનો કરુણ અંજામ આવ્યાની ઘટના સામે આવી હતી. શંકાશીલ પ્રેમીએ સુતેલી પ્રેમિકા પર કેરોસીન નાંખીને સળગાવી દીધી હતી. પ્રેમીએ જ પ્રેમિકાની ઘાતકી હત્યા કરી નાંખી હતી. પોલીસે પ્રેમી યુવાનને ગણતરીના કલાકમાં ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ઘટનાની વિગતે વાત કરીએ તો, મૂળ રાજસ્થાનનો અને હાલ સુરતમાં છૂટક મજૂરી કામ કરી શંભુ આડા પોતાનું ગુજરાન ચલાવતો હતો. આ સમયમાં તેને રાધા નામની એક પરણિત મહિલા સાથે પ્રેમ થયો હતો. આ બંને વચ્ચે છેલ્લા ઘણા સમયથી પ્રેમ પાંગર્યો હતો. પરંતુ કહેવાય છે ને કે, સંબંધોમાં જ્યારે પણ વહેમ વચ્ચે આવે ત્યારે તે સંબંધ તૂટી જતો હોય છે. આવું જ કઈક આ ઘટનામાં પણ બન્યુ હતુ અને પ્રેમીએ હત્યા કરી હતી.

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : મેષ રાશિના જાતકો આજનો દિવસ આનંદમાં વિતાવશો તેમજ ગુમાવેલા અવસર પાછા મળશે અને નોકરીમાં સારા અધિકાર મળશે,વ્યવસાયમાં ધનલાભથી ઉત્સાહ વધશે.

વૃષભ (બ.વ.ઉ.): ધ્યેયપ્રાપ્તિમાં સફળતા મળશે અને સરકારી કામમાં અનુકૂળતા રહેશે તેમજ ભૌતિક સુખ-સુવિધામાં વૃદ્ધિ થશે,વ્યવસાયમાં ઉત્તમ ધનલાભ થશે.

મિથુન (ક.છ.ઘ.): આ રાશિના જાતકોને અંગત કાર્યોમાં સાવધાની રાખવી તેમજ કામમાં મહેનત વધારે કરવી પડશે અને ધન બાબતે પરેશાની જણાશે, વ્યવસાયમાં મધ્યમ ફળ મળશે

કર્ક (ડ.હ.): ટેન્શનવાળા કાર્યોથી દૂર રહેવું અને ખાવાપીવામાં કાળજી રાખવી તેમજ વડીલ વર્ગથી તકલીફ જણાશે અને ખર્ચનું પ્રમાણ અધિક જણાશે.

સિંહ (મ.ટ.): સિંહ રાશિના જાતકોને પરિવારમાં પ્રીતિ જળવાશે અને મનપસંદ કાર્યોમાં રુચિ વધશે તેમજ આર્થિક સુખ સારું મળશે, કામકાજમાં પ્રગતિ થશે.

કન્યા (પ.ઠ.ણ.) : ધારેલા કામમાં સફળતા મળશે અને વિરોધપક્ષથી વિજય મેળવશો તેમજ નીતિ-રીતિથી કામ કરશો લાભ થશે, કાર્યોમાં પ્રગતિ ઉત્તમ જણાશે.

તુલા (ર.ત.): તુલા રાશિના જાતકોને ફળ મેળવવા મહેનત વધારે કરવી પડશે તેમજ સાથીમિત્રોથી ઓછો સહકાર મળશે અને સંપત્તિની બાબતે ઓછું સુખ જણાશે, લેવડ-દેવડમાં સામાન્ય મુશ્કેલી રહેશે.

વૃશ્ચિક (ન.ય.): આ રાશિના જાતકોને પરેશાની કામને બગાડશે તેમજ અકારણ ખર્ચાઓ સંભાળીને કરવા અને ધારેલા કાર્યોમાં રૂકાવટ જણાશે, મહેનતના પ્રમાણમાં ફળ ઓછું મળે.

ધન (ભ.ધ.ફ.ઢ.) :રચનાત્મક કાર્યોમાં સફળતા મળશે અને રોજગારી માટેના પ્રયત્નો સફળ બનશે તેમજ આર્થિક બાબતોમાં વિકાસ થશે, સામાજિક માન-પ્રતિષ્ઠા વધશે.

મકર (ખ.જ.) : રોગ, ઋણ અને વિવાદમાં સાવધાની રાખવી અને નોકરીયાત વર્ગને સામાન્ય સંઘર્ષ જણાશે તેમજ સંતાનના કાર્યોમાં સફળતા મળે, ધંધાકીય બાબતોમાં મધ્યમ ફળ મળશે.

કુંભ (ગ.શ.ષ.સ.) : મનપસંદ કામમાં સફળતા મળશે અને આપની ભાવનાઓની કદર થશે તેમજ પદોન્નતિ માટે નવી તકો મળશે અને ધંધામાં સુધારો જોવા મળશે.

મીન (દ.ચ.ઝ.થ.) : સાવચેતીથી કામ કરવું અને અચાનક ખર્ચથી પરેશાની વધશે તેમજ નોકરીમાં થોડી પરેશાની જણાશે,ધંધામાં મધ્યમ લાભ થશે.

## ઝાલોદ તાલુકાના ડુંગરી ગામે બે વર્ષ પહેલા દંપતિના મૃતદેહ ખેતરના ઝાડ ઉપરથી મળી આવ્યા હતા તેમાં ઝગડાની અદાવત ૫ ઈસમો હત્યા કર્યાનું તપાસ સામે આવતાં ઝડપી પાડવાના ચક્રોગતિમાન

દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના ડુંગરી ગામે ચકચારી બનાવ સામે આવ્યો છે. જેમાં બે વર્ષ પહેલા એક દંપતિની લાશ ઝાડ પરથી તેમજ ખેતરમાંથી મળી આવી હતી. જેમાં પાંચ ઈસમોએ અગાઉના ઝઘડાની અદાવત રાખી પાંચ ઈસમો દંપતિને મોતને ઘાટ ઉતાર્યાનું પોલીસ તપાસમાં સામે આવતાં આ મામલે પોલીસ મથકે ફરિયાદ નોંધાંતાં પોલીસે આરોપીઓના ધરપકડના ચક્રોગતિમાન કર્યાનું જાણવા મળે છે.વર્ષ ૨૦૨૧ના વર્ષમાં તારીખ ૨૪.૦૨.૨૦૨૧ના રોજ ઝાલોદ તાલુકાના ડુંગરી ગામે રહેતા રાજુભાઈ તેરસીંગભાઈ માવીનો મૃતદેહ ગામમાં લીમડીની ડાળીએ લટકતી હાલતમાં તેમજ તેમની પત્નિ મીનાબેન રાજુભાઈ માવીનો મૃતદેહ લીમડાના ઝાડથી થોડે દુર ખેતરમાંથી મળી આવી હતી. આ મામલે જે તે સમયે મૃતકના પરિવારજનોએ લીમડી પોલીસ મથકે અકસ્માત મોત અંગેની ફરિયાદ નોંધાંવી હતી. ત્યારે પોલીસે ત્યાર બાદ આ મામલે તપાસનો ધમધમાટ આરંભ કર્યો હતો અને આખરે આ દંપતિને મોતને ઘાટ ઉતાર્યા હોવાનું પોલીસ તપાસમાં સામે આવતાં પરિવારજનો સહિત ગ્રામજનોમાં ચકચાર સાથે ખળભળાટ મચી જવા પામ્યો હતો. ઝાલોદ તાલુકાના ડુંગરી ગામે રહેતાં રમીલાભાઈ બાદલભાઈ મકવાણા, અરવિંદભાઈ રમીલાભાઈ મકવાણા, શાંતિલાલ રાણજીભાઈ ડામોર, ચુનીયાભાઈ સીસકાભાઈ ભગોરા અને રતનાભાઈ છગનભાઈ જામોરનાઓની સાથે મૃતક દંપતિ સાથે જેતે સમયે દંપતિની લાશ મળી આવી તેના એક અઠવાડીયા અગાઉ ઝઘડો તકરાર થયો હતો. જેની અદાવત રાખી ઉપરોક્ત પાંચેય ઈસમોએ દંપતિને મોતને ઘાટ ઉતારી જેમાં રાજુભાઈને લીમડાના ઝાડની ડાળી પર લટકાવી દઈ તેમજ તેમની પત્નિ મીનાબેનને લીમડાના ઝાડથી થોડે દુર આવેલ એક ખેતરમાં ગળુ દબાવી મારી નાંખી હતી. ત્યારે સમગ્ર મામલે બે વર્ષ બાદ ઘટના પરથી પડદો ઉચકાતાં પોલીસે તમામ આરોપીઓના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.આ સંબંધે મૃતક રાજુભાઈ તેરસીંગભાઈ માવીના પિતા તેરસીંગભાઈ શકરીયાભાઈ માવીએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લીમખેડાના દુધીયા ગામે જમીનના ઝગડામાં ચાર ઈસમોએ એક વ્યકિતના ઘરે આવી બે વ્યકિતને ઈજાઓ થતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના દુધીયા ગામે જમીન સંબંધી મામલે ચાર જેટલા ઈસમોએ ગેરકાયદેસર મંડળી બનાવી પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી એક વ્યકિતના ઘરે આવી બે વ્યક્તિઓને હથિયાર વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી ભારે ધિંગાણું મચાવ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૨૩મી ફેબ્રુઆરીના રોજ લીમખેડા તાલુકાના દુધીયા ગામે હાંડી ફળિયામાં રહેતાં મથુરભાઈ કમજીભાઈ ભાભોર, પિન્ટુભાઈ મથુરભાઈ ભાભોર, રીંકુભાઈ મથુરભાઈ ભાભોર તથા દિલીપભાઈ મથુરભાઈ ભાભોરનાઓએ એકસંપ થઈ ગેરકાયદેસર મંડળી બનાવી પોતાની સાથે હાથમાં ધારીયુ, કુહાડી અને લાકડી જેવા મારક હથિયારો ધારણ કરી પોતાના ગામમાં રહેતાં ભરતભાઈ નવલસીંગભાઈ ભાભોરના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, આ જમીન અમારી છે અને તમોને ઘઉં કાપવા નહીં દઉં, તેમ કહી કુહાડીના હાથા વડે, ધારીયા વડે, લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી ભરતભાઈ અને નાનજીભાઈને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપી હતી.

આ સંબંધે ઈજાગ્રસ્ત ભરતભાઈ નવલસીંગભાઈ ભાભોરે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ફતેપુરા તાલુકાના સુખસર ખાતે રોહિત સમાજ દ્વારા સંત શિરોમણી રોહીદાસજીની ૬૪૭મી જન્મ જયંતીની ઉત્સાહભેર ઉજવણી કરાઈ

ફતેપુરા,

મધ્યકાલીન સમયના સંત શિરોમણી રવિદાસ મહારાજની જન્મ જયંતીની સુખસર ખાતે રોહીદાસ સમાજના આગેવાનો સહિત સુખસર ગામના વિવિધ સમાજના સભ્યો દ્વારા સંત શિરોમણી રોહીદાસજીની ૬૪૭મી જન્મ જયંતીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.સુખસર ખાતે દયાળુ હનુમાનજી મંદિર ખાતેથી પ્રસ્થાન થયેલી શોભાયાત્રામાં આરતી પૂજા કર્યા બાદ સુખસર ગામમાં ભક્તિ ભાવપૂર્વક શોભાયાત્રા કાઢવામાં આવી હતી.રોહીદાસજી જન્મોત્સવની ઉજવણી કરતા રોહિત સમાજના મોટી સંખ્યામાં ભાઈ-બહેનો એ હાજર રહી સુખસર ગામમાં સંત રવિદાસ મહારાજની વાજતે-ગાજતે શોભાયાત્રા કાઢવામાં આવી હતી.જેમાં ગામના તમામ સમાજના લોકોએ સહકાર આપી શોભાયાત્રામાં જોડાયા હતા.

સંત શિરોમણી રોહીદાસજીની ૬૪૭મી જન્મ જયંતી નિમિત્તે સંત શિરોમણી રોહીદાસજીની છબીને ફુલહાર પહેરાવી શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું.જેમાં હુતિયા પરગણા રોહિત સમાજના પ્રમુખ ગનાભાઈ ભૂનેતર સંતરામપુરની અધ્યક્ષતામાં સમાજના આગેવાનો દેવચંદભાઈ પરમાર નાની ઢઢેલી, દિલીપભાઈ પરમાર,મગનભાઈ ભૂનેતર સુખસર,કાળુભાઈ સોલંકી વટલી, રમેશભાઈ સોલંકી માંડલી,રમણભાઈ માધવીયા વાંકાનેર,શાંતિલાલ સિસોદિયા,વિક્રમભાઈ પરમાર ફતેપુરાના આયોજનથી સુખસર દયાળુ હનુમાન મંદિરેથી પૂજા,આરતી બાદ વાજતે-ગાજતે સંત શિરોમણી રોહીદાસજીની શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

આ શોભાયાત્રામાં આર.એસ.એસ ના મુકેશભાઈ પીઠાયા આફવા સહિત તેમની ટીમના સભ્યોએ પણ સારો સહકાર આપ્યો હતો. દયાળુ હનુમાન મંદિરેથી નીકળેલી શોભાયાત્રા સુખસર ગામમાં પોલીસ સ્ટેશન રોડ, પંચાલ ફળિયા, પીપળી ચોક, બસ સ્ટેશન વિસ્તાર, સંતરામપુર હાઈવે માર્ગથી પસાર થઈ પરત આ શોભાયાત્રા દયાળુ હનુમાનજી મંદિર ખાતે આવી પહોંચી હતી. તે દરમિયાન પોલીસ સ્ટેશન ચોક ખાતે રોહિત સમાજના સભ્યો સહિત સુખસર ગામના તમામ સમાજના સભ્યોએ મળી સંત શિરોમણી રોહીદાસજીની જન્મ જયંતીને અનુલક્ષીને ગરબાનું પણ આયોજન કર્યું હતું. જે લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. રોહિત સમાજના ભાઈઓ-બહેનો અને વડીલો અને અન્ય સમાજના સભ્યોએ શોભાયાત્રામાં સહભાગી બની ગુરૂ જન્મોત્સવની ઉલ્લાસભેર ઉજવણી કરી ધન્યતા અનુભવી હતી.

## લોકસભા ચૂંટણીને લઈને આગામી ૩ મહિના "મન કી બાત"નો કાર્યક્રમ નહીં થાય:પીએમ મોદી

નવીદિલ્હી,

વડાપ્રધાન મોદીએ રવિવારે સામાન્ય જનતા સાથે 'મન કી બાત' કાર્યક્રમને સંબોધ્યો છે . તેમના માસિક રેડિયો કાર્યક્રમનો આ ૧૧૦મો એપિસોડ છે. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે દેશ ૮ માર્ચે મહિલા સન્માન દિવસની ઉજવણી કરવામાં આવશે. દેશ ત્યારે જ સમૃદ્ધ થશે જ્યારે મહિલાઓને સમાન તકો મળશે. કોઈએ વિચાર્યું હતુ કે આપણા દેશમાં ગામડાઓમાં રહેતી મહિલાઓ પણ ડ્રોન ઉડાવશે? પરંતુ આજે તે શક્ય બની રહ્યું છે. આજે દરેક ગામમાં ડ્રોન દીદીની ખૂબ ચર્ચા છે, નમો ડ્રોન દીદી દરેકના હોઠ પર છે. દરેક વ્યક્તિ તેમના વિશે વાત કરે છે.

આ એપિસોડમાં પીએમ મોદીએ અનેક મુદ્દાઓ પર વાત કરી છે તે સાથે લોકસભા ચૂંટણીને લઈને આગામી ૩ મહિના મહિના મન કી બાત કાર્યક્રમ નહીં થાય તે અંગે જણાવ્યું હતુ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે દેશમાં લોકસભાની ચૂંટણીનો માહોલ છે અને ગયા વખતની જેમ માર્ચ મહિનામાં પણ આચારસંહિતા લાગુ થવાની સંભાવના છે. 'મન કી બાત'ની આ એક મોટી સફળતા છે કે છેલ્લા ૧૧૦ એપિસોડમાં અમે તેને સરકારના પડછાયાથી દૂર રાખ્યો છે. 'મન કી બાત'માં દેશની સામૂહિક શક્તિ અને દેશની સિદ્ધિઓની વાત છે.

એક રીતે જોઈએ તો આ લોકો દ્વારા, લોકો માટે તૈયાર કરવામાં આવેલો કાર્યક્રમ છે, પરંતુ હજુ પણ રાજકીય સજાગતાને અનુસરીને, લોકસભા ચૂંટણી દરમિયાન 'મન કી બાત' આગામી ૩ મહિના સુધી પ્રસારિત કરવામાં આવશે નહીં. હવે જ્યારે અમે તમારી સાથે 'મન કી બાત'માં વાર્તાલાપ કરીશું, ત્યારે તે 'મન કી બાત'નો ૧૧૧મો એપિસોડ હશે. જો આગલી વખતે 'મન કી બાત' શુભ અંક ૧૧૧ થી શરૂ થાય તો શું સારું રહેશે.

પીએમ મોદીએ કહ્યું કે આજે દેશનો એવો કોઈ વિસ્તાર નથી જેમાં દેશની મહિલા શક્તિ પાછળ રહી ગઈ હોય. અન્ય એક ક્ષેત્ર જ્યાં મહિલાઓએ તેમની નેતૃત્વ ક્ષમતાઓનું પ્રદર્શન કર્યું છે તે કુદરતી ખેતી, જળ સંરક્ષણ અને સ્વચ્છતાના ક્ષેત્રોમાં છે. તેમણે કહ્યું કે ૩ માર્ચ એ 'વિશ્વ વન્યજીવન દિવસ' છે. આ દિવસ વન્ય પ્રાણીઓના સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે ઉજવવામાં આવે છે. આ વર્ષે વિશ્વ વન્યજીવન દિવસની થીમમાં ડિજિટલ ઈનોવેશનને સર્વોપરી રાખવામાં આવ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં સરકારના પ્રયાસોને કારણે દેશમાં વાઘની સંખ્યામાં વધારો થયો છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે કાલાહાંડી, ઓડિશામાં બકરી ઉછેર ગામડાના લોકોની આજીવિકા તેમજ તેમના જીવનધોરણને સુધારવાનું મુખ્ય માધ્યમ બની રહ્યું છે. આ પ્રયાસ પાછળ જયંતિ મહાપાત્રા જી અને તેમના પતિ બિરેન સાહુજીનો મોટો નિર્ણય છે. જયંતિ જી અને બિરેન જીએ પણ અહીં એક રસપ્રદ માણિકસ્તુ બકરી બેંક ખોલી છે. તેઓ સમુદાયના સ્તરે બકરી ઉછેરને પ્રોત્સાહન આપી રહ્યા છે.

બિહારના ભોજપુરના ભીમ સિંહનો ઉલ્લેખ કરતા પીએમએ કહ્યું કે આપણી સંસ્કૃતિનો પાઠ છે - પરમાર્થ પરમો ધર્મ એટલે કે બીજાને મદદ કરવી એ સૌથી મોટી ફરજ છે. આ ભાવનાને અનુસરીને, આપણા દેશમાં અસંખ્ય લોકો નિ:સ્વાર્થ ભાવે બીજાની સેવા કરવા માટે પોતાનું જીવન સમર્પિત કરે છે. આવા જ એક વ્યક્તિ છે ભીમ સિંહ ભાવેશ. તેમના વિસ્તારના મુસહર જ્ઞાતિના લોકોમાં તેમના કાર્યોની ખૂબ ચર્ચા છે.

## દાહોદ જીલ્લામાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાઈવે ઉપર હલ્કીકક્ષાના સ્પીડ બ્રેકર મૂકી થયેલ ગેરરીતિની તપાસની માંગ

દાહોદ,

ગુજરાત સરકારની માર્ગ અને મકાન સ્ટેટ વિભાગ દ્વારા હાઈવે રસ્તા પર પૂર ઝડપે હંકારી આવતા વાહનો થી છાસવારે સર્જાતા અકસ્માતોથી નિર્દોષ લોકો જીવ ગુમાવે છે. તેના નિયંત્રણ માટે રસ્તા ઉપર ફાઈબરના મૂકવામાં આવેલ મોટાભાગના સ્પીડ બ્રેકરો તૂટી ગયેલી હાલતમાં જણાઈ આવતા હલકી કક્ષાના સ્પીડ બ્રેકરો મૂકી તંત્ર દ્વારા મોટા પ્રમાણમાં થયેલી ગેરરીતિની તપાસની માંગ કરવામાં આવી છે.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ – ગોધરા હાઈવે રસ્તા ઉપર લીમખેડા તરફથી નાના મોટા વધુ ઝડપે આવતા વાહનોને કારણે છાશવારે સર્જાતા અકસ્માતમાં નિર્દોષ લોકો જીવ ગુમાવવો પડે છે. વધુ પડતી સ્પીડમાં આવતા વાહનોને નિયંત્રણમાં રાખવા તંત્ર દ્વારા કેટલાક સ્થળે ફાઈબરના સ્પીડ બ્રેકરો મૂકવામાં આવ્યા છે જેમાં લીમખેડા શાસ્ત્રી ચોક ઉપર લોકોની સતત અવરજવર રહેતી હોય છે. લીમખેડા તાલુકા કક્ષાનું ગામ હોવાને કારણે તાલુકાની તમામ વહીવટી કચેરીઓના કારણે લીમખેડામાં ગ્રામ્ય જનતાની સતત અવરજવર રહે છે. આ ઉપરાંત શાળા કોલેજોમાં અભ્યાસ માટે લીમખેડામાં હજારો વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવતા હોય છે લીમખેડામાં લોકોની તેમજ વિદ્યાર્થીઓની સતત અવરજવરના કારણે છાશવારે અકસ્માતો ન સર્જાય તે માટે આવી તમામ બાબતોને ધ્યાનમાં રાખીને નગર જનો દ્વારા લોક દરબારમાં પણ સ્પીડ બ્રેકર મુકવા માટે રજૂઆતો કરવામાં આવી હતી. માર્ગ અને મકાન વિભાગ દ્વારા લીમખેડા ગામમાં અને ઝાલોદ તેમજ દાહોદ રસ્તા ઉપર ફાઈબરના સ્પીડ બ્રેકરો મૂકવામાં આવ્યા હતા. તે તમામ સ્પીડ બ્રેકર તૂટેલી હાલતમાં જોવા મળી રહ્યા છે, તેથી એજન્સી અને વહીવટી તંત્ર ની મિલી ભગતથી આ સ્પીડ બ્રેકરો હલકી કક્ષાના મૂકવામાં આવ્યા હોવાની લોક ચર્ચાઓ થઈ રહી છે. એજન્સી દ્વારા જે ફાઈબરના તકલાદી સ્પીડ બ્રેકરો મૂકવામાં આવતા માત્ર બે થી ત્રણ મહિનામાં જ તૂટી ગયા છે. હાલ સ્પીડ બેકરો ના માત્ર ખીલા જોવા મળી રહ્યા છે, તો ક્યાંક અડધા તૂટેલી હાલતમાં છે. ત્યારે સવાલ એ થાય છે કે ડામરના અને ફાઈબરના સ્પીડબેકરોના ખર્ચનો કેટલો તફાવત છે અને ટકાઉ સૌથી વધારે કયા છે ? તો ડામર ની જગ્યાએ ફાઈબરના પ્લાસ્ટિકના સ્પીડ બ્રેકર મૂકવાનું કારણ શું ? એના ફાયદા શું ? લાખો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલા સ્પીડ બેકરો ટૂંકા ગાળામાંના સમયમાં જ તૂટી ગયા હતા આ બાબતે તપાસની માંગ કરી છે.

## હોળીનો દાંડો રોપાયો, હવે મેળાની મોસમ

દાહોદ,

દાહોદ શહેર સહિત જીલ્લામાં શનિવારે સંખ્યાબંધ ગામોમાં પૂનમે હોળીનો દાંડો રોપાયો હતો. બરોબર એક માસ બાદ ૨૪ માર્ચના રોજ હોલિકા દહન કરવામાં આવશે. ત્યારે આ દરમિયાન દાહોદ જીલ્લામાં ભાતીગળ મેળાઓની પણ મોસમ જામશે. આદિવાસી બાહુલ્ય ધરવતાં દાહોદ જીલ્લામાં હોળી પર્વનું વિશેષ મહત્વ હોવાને કારણે પરગામોમાં મજૂરી કરવા ગયેલી પ્રજા માદરે વતન પરત ફરશે. હોળીનો દાંડો રોપાઈ ગયો છે. ત્યારે આગામી ૨૦



માર્ચથી માંડીને સતત ૧૧ દિવસ આખા જીલ્લામાં વિવિધ પ્રકારના પર મેળા ભરાશે. પારંપારિક અને વિશેષ મહત્વ ધરાવતાં આ મેળાઓમાં આદિવાસી સંસ્કૃતિની આગવી ઝલક જોવા મળશે.

પૂનમના રોજ દાહોદ શહેર સહિત જીલ્લામાં ગામેગામ હોળીનો દાંડો પૂરા વિધિ વિધાન સાથે રોપવામાં આવ્યો હતો. આ દાંડો રોપાયા બાદ જીલ્લામાં વિવિધ સ્થળોએ છઠ સુધી મેળા ભરાશે અને આ દિવાસી સમાજ ઉજવણીમાં વ્યસ્ત બનશે. આ સાથે હોળીના ઢોલ ઢબુકવા સાથે જીલ્લામાં ચૂલ, ચાડિયા અને ધુળેટીના મેળાઓ ભરાશે. હોળી પ્રગટાવવા સરકાર તરફથી નાણાં અપાતા હતા દાહોદ શહેરમાં પાંચ બત્તી વિસ્તારની હોળીને મોટી હોળી કહેવામાં આવે છે. તેને વર્ષો અગાઉ સરકારી હોળી કહેવાતી હતી. શહેરમાં પાંચ બત્તી તેમજ દેસાઈવાડ ચોકમાં વર્ષો અગાઉ હોળી માટે સરકાર તરફથી નાણાં આપવામાં આવતા હતા. તેના કારણે જ આ હોળીને સરકારી હોળી કહેવાય છે. જોકે, હવે રૂપિયા આપવાની એવી કોઈ પ્રથા જોવા મળતી નથી.

## ગુજરાત પત્રકાર એકતા પરિષદનું અધિવેશન દાહોદમાં યોજાયું

દાહોદ,

પત્રકાર એકતા પરિષદ ગુજરાતનું અધિવેશન . બાલાજી હોટલ દાહોદ માં યોજવામાં આવ્યું હતું. આ આયોજનના મુખ્ય પ્રણેતા એવા દાહોદ જીલ્લા પત્રકાર પરિષદના પ્રમુખ યોગેશભાઈ ચૌહાણ . પ્રિતેશભાઈ પંચાલ અને મનોજભાઈ કટારા હતા. આ અધિવેશનમાં પત્રકાર એકતા પરિષદ ગુજરાત ના અધ્યક્ષ લાભુભાઈ કાત્રોડીયા અને કાર્યકારી અધ્યક્ષ ગીરવાનસિંહ સરવૈયા હતા. જ્યારે કાર્યક્રમના ઉદઘાક મહામંડલેશ્વર ૧૦૦૮



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

સુરેશ દાસ જી મહારાજહતા સર્વ પ્રથમ અધિવેશનનું દીપ પ્રગટાવી ઉદઘાટન પરમ પૂજ્ય મહારાજ તથા પધારેલા મહાનુભાવો દ્વારા થયું હતું આ અધિવેશનમાં પત્રકારોના પ્રશ્નો સરકાર સુધી જણાવેલ છે અને કેટલાક પ્રશ્નોનો ઉકેલ પણ આવેલ છે કેમ જણાવ્યું હતું આ પરિષદમાંપત્રકારોમાં કોઈ ઊંચનીચના ભેદભાવ રાખવામાં આવતા નથી અને આ પરિષદમાં નિમણૂક માટે કોઈપણ જાતની ફી લેવામાં આવતી હતી તેવુ પત્રકાર પરિષદ ગુજરાતના અધ્યક્ષ એવા લાભુભાઈ કાત્રોડીઆ એ અધિવેશન માં જણાવ્યું હતું આ અધિવેશનમાં પરમ પૂજ્ય સંતો રાજકીય મહાનુભવો ૩૫૦ થી વધુ પત્રકારો ગુજરાતમાંથી પધાર્યા હતા અને દાહોદ પત્રકાર સંઘ દ્વારા સર્વને અન્ન ભેળા મન એક બને તે શીર્ષક સાર્થક થાય માટે ભોજન ની વ્યવસ્થાપન કરવામાં આવી હતી છેલ્લે પત્રકારો એક બને તેમ પત્રકાર પરિષદ ગુજરાતના અધ્યક્ષ લાભુભાઈ કાત્રોડિયાએજણાવ્યું હતું

## રાજકોટ હંમેશા મારા હૃદયમાં એક ખાસ સ્થાન રહેશે:નરેન્દ્ર મોદી

ગાંધીનગર,

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમની ગુજરાત મુલાકાત દરમિયાન રાજ્યમાં રૂ. ૪૦૦૦ કરોડથી વધુના ૧૧ વિકાસ પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે.તેમાં દ્વારકા અને બેટ દ્વારકાને જોડતો સુદર્શન સેતુ પણ સામેલ છે.રાજકોટમાં પણ એઈમ્સનું ઉદ્‌ઘાટન થવાનું છે.અગાઉ શનિવારે પીએમ મોદીએ ૨૨ વર્ષ જૂનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો, જ્યારે તેઓ રાજકોટના ધારાસભ્ય તરીકે પ્રથમ વખત ગુજરાત વિધાનસભામાં પ્રવેશ્યા હતા.

નરેન્દ્ર મોદીએ શનિવારે એક જૂનો વીડિયો પોસ્ટ કર્યો અને લખ્યું, "રાજકોટ હંમેશા મારા હૃદયમાં એક



ખાસ સ્થાન રહેશે. આ શહેરના લોકોએ મારામાં વિશ્વાસ કર્યો અને મને મારી પ્રથમ ચૂંટણી જીત અપાવી. ત્યારથી હું હંમેશા "હું" છું. લોકોની આકાંક્ષાઓ સાથે ન્યાય કર્યો છે. એ પણ એક સુખદ સંયોગ છે કે આજે અને કાલે હું ગુજરાતમાં હોઈશ અને રાજકોટમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જ્યાંથી ૫ એઈમ્સ દેશને સમર્પિત કરવામાં આવશે."

૨૦૦૨ માં, ૨૪ ફેબ્રુઆરીના રોજ, પીએમ મોદી રાજકોટમાંથી તેમની પ્રથમ ચૂંટણી જીતીને પ્રથમ વખત ગુજરાત વિધાનસભાના સભ્ય બન્યા.તેમણે ઑક્ટોબર ૨૦૦૧માં ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા હતા અને પદ પર ચાલુ રાખવા માટે તેમણે છ મહિનાની અંદર વિધાનસભાના સભ્ય બનવાની જરૂર હતી.રાજકોટ પેટાચૂંટણીએ તેમને જીતવાની તક આપી.મોદી આર્કાઈવ દ્વારા થ્રોબેક વીડિયો શેર કરવામાં આવ્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.156

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

### કોંગ્રેસની ભારત જોડો ન્યાય યાત્રા આગામી ૭ મી માર્ચ રોજ આવશે ગુજરાતમાં

# ગોધરા ખાતે વિરોધ પક્ષના નેતા અમિતભાઈ ચાવડા ની ઉપસ્થિતિમાં કોંગ્રેસની વિસ્તૃત કારોબારીની બેઠક યોજવામાં આવી.

ગોધરા

પંચમહાલ જીલ્લાના ગોધરા ખાતે વિરોધ પક્ષના નેતા અમિતભાઈ ચાવડા ની ઉપસ્થિતિમાં કોંગ્રેસની વિસ્તૃત કારોબારીની બેઠક યોજવામાં આવી. જેમાં આગામી માર્ચ મહિનામાં રાહુલ ગાંધીના નેતૃત્વમાં નીકળેલ ભારત જોડો ન્યાય યાત્રા પંચમહાલ જીલ્લામાંથી પસાર થનાર છે. જેને લઈને ચર્ચા અને કોંગ્રેસ પક્ષ સંઘટનાની કામગીરી સહિત આગામી લોકસભા ચૂંટણીનો સમીક્ષા અને તેની તૈયારીઓ કરવા માટે લઈ ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં પંચમહાલ જીલ્લા કોંગ્રેસના




હોદ્દેદારો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

રાહુલ ગાંધીના નેતૃત્વ માં નીકળેલ ભારત જોડો ન્યાય યાત્રા ૭ માર્ચના રોજ ગુજરાત રાજ્યમાં પ્રવેશ કરશે અને પંચમહાલ જીલ્લામાંથી પસાર થશે. જેને લઈ આ યાત્રાનો ભવ્ય સ્વાગત કરવા સાથે મોટી સંખ્યામાં લોકો જોડાય તે માટે આજ રોજ વિરોધ પક્ષના નેતા અમિત ચાવડાની પ્રમુખ ઉપસ્થિતિના પંચમહાલ કોંગ્રેસ કાર્યાલય ખાતે વિસ્તૃત કારોબારીની બેઠક યોજવામાં આવી હતી. વિરોધ પક્ષના નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, આ યાત્રા દેશના લોકોના હક અધિકાર માટે અને જે જે લોકોપર સરકાર દ્વારા અન્યાય અને અત્યાચાર કરવામાં આવી રહ્યો છે, એ તમામ લોકોને હક અધિકાર મળે અને ન્યાય મળે એ સંકલ્પ સાથે ભારત જોડો ન્યાય યાત્રા શરૂ કરવામાં આવી છે. એક તરફ બેરોજગારી નો મોટો પ્રશ્ન છે ત્યારે બીજી તરફ સરકાર આદિવાસી સમાજના લોકોની જમીન હડફ કરવામાં આવી રહી છે, અનેક જગ્યાએ મહિલાઓ પર અત્યાચાર થઈ રહ્યા છે. પ્રજા મોંઘવારી, મંદી થી હેરાન પરેશાન છે અને શિક્ષણ તેમજ આરોગ્ય લક્ષી સુવિધાઓ નથી, તમામ ગુજરાતીઓ પર જે રીતે અન્યાય થઈ રહ્યો છે, તે તમામને ન્યાય અપાવવા માટે આ ન્યાય યાત્રામાં મોટી સંખ્યા લોકો જોડવા માટે અપીલ કરી હતી. ત્યારે ગુજરાતમાં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ ગઠબંધનને લઈ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં સરકાર વિરોધી મત છે અને આ સરકાર ઝૂમલા સરકાર છે. લોકો પ્રસ્થાપિત કર્યો છે. આ નિશ્ફળ સરકાર છે, ત્યારે મતોના વિભાજનના કારણે ભારતીય

**- કોંગ્રેસની ભારત જોડો ન્યાય યાત્રા આગામી ૭ મી માર્ચ રોજ આવશે ગુજરાતમાં**
**- ભારત જોડો ન્યાય યાત્રા ૭ માર્ચથી દાહોદથી શરૂ થશે અને ૧૦ માર્ચે પૂર્ણ થશે**

જનતા પાર્ટીને ફાયદો થાય છે. જેને લઈ કોંગ્રેસએ આમ આદમી પાર્ટી સાથે ગઠબંધન કર્યો છે. આગામી લોકસભા ની ચૂંટણી માં ગુજરાતની ૨૬ બેઠકો પૈકી ૨૪ બેઠકો પર લડશે અને આમ આદમી પાર્ટી ૨ બેઠકો પર લડશે. ત્યારે આવનારા સમય માં સામાન્ય લોકોની સરકાર આવશે, તેઓ વિશ્વાસ વ્યક્ત કર્યો. ભરૂચ બેઠક માટે ફૈજલ પટેલ વિવાદ મુદ્દે પૂછવામાં આવતા અમિત ચાવડાએ જણાયું હતું કે, પક્ષ માં કાર્યકારો અને હોદ્દેદારો ની અલગ અલગ વાત હોય શકે છે એને રજુઆત કરવાનો અધિકાર છે. પરંતુ પક્ષનું નેતૃત્વ બધા પાસાઓ ધ્યાન માં રાખીને નિર્ણય લેવાતું હોય ત્યારે તમામ એ તેનો સ્વીકાર કરવો જોઈએ. આગામી દિવસોમાં સુખદ સમાધાન કરીશું અને સૌ સાથે મળીને દેશમાં ઈન્ડિયા ગઠબંધન નેતૃત્વ વાળી સરકાર બને તે દિશામાં આગળ વધવા જણાવ્યું. ૨૦૧૯ ની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને અને તેના એલાઈન્સ ને ૩૫% જ મતો મળ્યા હતા અને ૬૫% મતો વિરોધમાં પડ્યા હતા. મતોના વિભાજનના કારણે ૨૦૧૯ માં ભારતીય જનતા પાર્ટીની સરકાર બની હતી. લોકો સરકાર બદલવા માંગે છે અને જો સરકાર બદલવી હોય તો સરકાર વિરોધી જે મત છે તે વહેચાઈ ન જાય તે માટે ઈન્ડિયા ગઠબંધન બનાવવામાં આવ્યું છે.

## પ્રજાના સેવક બનેલા રાજગઢ PSIએ કાયદો વ્યવસ્થા સાથે બાળકીઓના આત્મ રક્ષણ માટે ઝુંબેશ ઉપાડી

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના રાજગઢ પોલીસ સ્ટેશનમાં પોલીસ સબ ઈન્સપેક્ટર તરીકે ફરજ બજાવતા આર.એસ. રાઠોડે આવતાની સાથે ઘોઘંબા નગરની વર્ષો જૂની ટ્રાફિકની સમસ્યા હલ કરતા નગરજનોમાં પ્રશંસાપાત્ર બન્યા હતા. પ્રજાની સેવા કરવાની નેમ સાથે પીએસઆઈ ઘોઘંબા તાલુકામાં આવેલ શાળાઓની મુલાકાત લઈ રહ્યા છે. શાળામાં ભણતી વિદ્યાર્થીનીઓને આત્મ રક્ષણ માટે શું પગલાં લેવા જોઈએ જીવનમાં આગળ વધવા માટે પોતાનું ધ્યેય નક્કી કરી તે દિશા



તરફ આગળ વધવું જોઈએ તેમજ યુવાનીમાં અન્ય આકર્ષણથી દૂર રહી પોતાનું જીવન સુધારવા માટે સમજ આપી હતી.

આજના યુવાન વિધર્થીનીઓ તથા વિદ્યાર્થીઓ માર્ગદર્શનના અભાવે ખોટી દિશામાં જઈ પોતાનું જીવન બરબાદ કરતા હોય છે. ત્યારે રાજગઢ પીએસઆઈ વિદ્યાર્થીનીઓ તથા વિદ્યાર્થીઓના માર્ગદર્શક બની સેવાનું એક ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડી રહ્યા છે. આમ, તો પોલીસ ''સુરક્ષા સેતુ'' અંતર્ગત અનેક સેવાકીય કાર્ય કરે છે, પરંતુ રાજગઢ પીએસઆઈ જમ્યા બાદ આરામ કરવાનો સમય બાળકોને માર્ગદર્શન આપવામાં વિતાવે છે.

રાજગઢ પોલીસના સ્ટાફ સાથે પીએસઆઈ પણ સતત રાત્રી તેમજ દિવસના પેટ્રોલિંગ કરી કાયદો અને વ્યવસ્થા જાળવી પોતાની ફરજ અદા કરે છે. સાથે સાથે તાલુકાની શાળાઓમાં જઈ વિદ્યાર્થીનીઓને આત્મરક્ષાના પાઠ તથા કાયદાકીય માહિતીઓ પણ ઉપલબ્ધ કરાવી જીવનની ગાડીને સીધા રસ્તે ચલાવવા વિદ્યાર્થીનીઓને મનોબળ પૂરૂં પાડે છે. રાજગઢ પીએસઆઈ આર.એસ.રાઠોડ પ્રજાના એક સાચા મિત્ર બની સેવાકીય કાર્યક્રમ થકી ટૂંક સમયમાં ઘોઘંબામાં લોકપ્રિય બન્યા છે.

## નિરંકારી ભક્તો દ્વારા આજ રોજ ગોધરા ખાતે આવેલ રામસાગર તળાવ તથા ઝુલેલાલ ઘાટ પરના કિનારે સ્વચ્છતા અભિયાન ચલાવામાં આવ્યું



ગોધરા,

સંત નિરંકારી મિશન દ્વારા સદ્દગુરૂ માતા સુદીક્ષાજી મહારાજ તથા નિરંકારી રાજપિતાજીના પાવન સાન્નિધ્યમાં ૨૫ ફેબ્રુઆરીના રોજ આજથી સ્વચ્છ જળ-સ્વચ્છ મન નો શુભારંભ કરવામાં આવ્યો હતો .

આ પરિયોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય જળ સંરક્ષણ તથા તેના બચાવ માટે અલગ-અલગ યોજનાઓ બનાવવી તથા તે યોજનાઓને અમલી રૂપ આપવાની સાથે જ મુખ્ય બિંદુ જળસ્નીત્રોત ની સ્વચ્છતા તથા સ્થાનીય જનતા માટે જાગરૂકતા અભિયાન ના માધ્યમથી તેઓને પ્રોત્સાહિત કરવાનો છે. આ સાથે જ ૨૫ ફેબ્રુઆરી, આજ રોજ સવાર ના ૮ વાગ્યાથી સેંકડો નિરંકારી ભક્તોએ રામસાગર તળાવના કિનારે જામેલી લીલ, કીચડ, પ્લાસ્ટિક કચરો વગેરે ગંદગી સાફ કરી સ્વચ્છ જળ સ્વચ્છ મન નો સંદેશ આપ્યો સાથે સાથે ગુજરાત રાજ્યમાં ૧૦૦ થી વધુ સ્થળો પર તથા દાહોદ ઝોનના ગોધરા શહેર તથા પંચમહાલના કુલ ૧૩ જળ સંસાધનો પર સફાઈ અભિયાન ચલાવી અને જન માત્રને ''સ્વચ્છ જલ સ્વચ્છ મન'' સંદેશ આપવામાં આવ્યો હતો.

બાબા હરદેવસિંહ જી મહારાજ દ્વારા સમાજ કલ્યાણ માટે આજીવન અનેક કર્યો કરવામાં આવ્યા જેમાં સ્વચ્છતા અભિયાન તથા વૃક્ષારોપણ અભિયાનનો આરંભ મોખરે છે. બાબા હરદેવસિંહ જી મહારાજની શિક્ષાઓ થી પ્રેરણા લઈ દરેક વર્ષ ની જેમ જ આ વર્ષે નિરંકારી મિશન દ્વારા નિરંકારી સદ્દગુરૂ માતા સુદીક્ષા જી મહારાજના નિર્દેશાનુસાર સ્વચ્છ જળ સ્વચ્છ મન' નું આયોજન કરવામાં આવ્યું છે. આ ભગીરથ કાર્યમાં ગોધરા ના વિવિધ સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહી તેમને આ સેવાના કાર્યની પ્રશંસા કરી.

સંત નિરંકારી મિશનના સચિવ જોગીન્દર સુખીજાજી ના હવાલાથી વિસ્તૃત જાણકારી આપતા જણાવ્યું કે અમૃત પરિયોજના સંપૂર્ણ ભારતવર્ષ ના લગભગ ૧૫૦૦ થી વધુ સ્થળો પર ૯૦૦ શહેરો, ૨૭ રાજ્યો અને કેન્દ્રશાષિત પ્રદેશોમાં વિશાળ રૂપમાં આયોજીત કરવામાં આવ્યું હતું. જેમાં નિરંકારી મિશનના લગભગ બે લાખ થી પણ વધુ સ્વયંસેવકો નાં સહયોગ દ્વારા જળ સંરક્ષણ અને જળ સંસ્થાઓ જેમ કે સમુદ્ર કિનારાઓ, નદીઓ, તળાવો, ઝીલ, કુવા, પોખર, જોહડ, ભિન્ન ઝરણાઓ, પાણી ની ટાંકીઓ, નાલીઓ અને જળ ધારાઓ વગેરે ને સ્વચ્છ અને નિર્મળ બનાવા માં પોતાનો બહુમૂલ્ય ફાળો આપ્યો હતો

અંતમાં ગોધરા બ્રાન્ચના સંયોજીકા બહેન વિધ્યાદેવીજી એ જાહેર જનતાને અપીલ કરી કે, ''સ્વચ્છ જળ સ્વચ્છ મન''ની પરિયોજનામાં તમે સર્વે પણ ભાગ લઈ પાણીનો બચાવ કરીએ અને ગોધરા શહેર ને સુંદર બનાવીએ.

## ગોધરા તાલુકાના થાણાગર્જ ગામે બાતમીના આધારે ઈંગ્લીશ દારૂ પેટીઓ નંગ-૯૯૦ કિંમત ૪૭.૫૨ લાખનો મુદ્દામાલ એલ.સી.બી. પોલીસે ઝડપ્યો

### રેઈડ દરમિયાન બુટલેગર, ટ્રક ડ્રાઈવર અને અન્ય ઈસમો નાશી છુટવામાં સફળ થયા.

ગોધરા,

ગોધરા તાલુકાના થાણાગર્જ ગામે રહેતા ઈસમે ટ્રમાં ઈંગ્લીશ દારૂ મંગાવીને સગેવગે કરવાની પેરવીમાં છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે બાતમીવાળા સ્થળે રેઈડ કરી વિદેશી દારૂની પેટીઓ નંગ-૯૯૦ કિંમત ૪૭,૫૨,૦૦૦/- રૂપીયાના ટ્રક મળી ઈસમો નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.




પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના થાણાગર્જન ગામે રહેતા સંજયભાઈ સામંતભાઈ પટેલ એ ટ્રક નં.એમએચ.૧૨.એન.૪૨૮૯માં ઈંગ્લીશ દારૂનો જથ્થો મંગાવીને સગેવગે કરવાની પેરવીમાં છે. તેવી બાતમી એલ.સી.બી.પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન વિદેશી દારૂ રોયલ બ્લયુમલ્ટ વ્હીસ્કીના કવાટરીયા પેટીઓ ૯૯૦ કિંમત ૪૭,૫૨,૦૦૦/-રૂા. લેલેન્ડ ટ્રક કિંમત ૧૦,૦૦૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. પોલીસે રેઈડ દરમિયાન સંજય સામંતભાઈ પટેલ, ટ્રકનો ડ્રાઈવર તથા બીજા ઈસમો અંધારાનો લાભ લઈ નાશી જઈનુ ગુનો કર્યાની ફરિયાદ ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

## કાલોલના ખડકી ટોલનાકા પાસે ટ્રક ચાલકે રસ્તો ક્રોસ કરતાં વ્યકિતને ટકકર મારી મોત નિપજાવ્યું

કાલોલ,

કાલોલ તાલુકાના ખડકી ટોલનાકા પાસે ટ્રક ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી રોડ ક્રોસ કરતાં ટકકર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી ગુનો કર્યાની ફરિયાદ વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના ખડકી ટોલનાકા પાસે ટ્રક નં.એચપી.૧૨.ઈ.૮૫૪૭ના ચાલકે કાલોલ થી વેજલપુર તરફ આવતાં ટોલનાકા માંથી પસાર થઈ રોંગ સાઈડ પુરઝડપે હંકારી લી મરણજનાર વીરપ્રતાપ વિશ્વનાથ પાલ ઉ.વ.૩૯ (રહે. કચ્છપૂર્વ, ઉમરાનપુર, ઉત્તરપ્રદેશ) રોડ ક્રોસ કરતી વખતે અકસ્માત કરી ઈજાઓ પહોંચાડતા દવા સારવાર માટે ખસેડતા સારવાર દરમિયાન મોત નિપજાવી ટ્રક ચાલક નાશી જઈ ગુનો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરાના નાકુડી ગામે બોરડીના ઝાડ કાપવા બાબતે મારમારતાં ફરિયાદ

શહેરા,

શહેરા તાલુકાના નાકુડી ગામે આરોપી ઈસમોએ ફરીને બોરડીનું ઝાડ કાપવા બાબતે ઝગડો તકરાર કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યાની ફરિયાદ નોંધાવા પામી છે.પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકાના નાકુડી ગામે અજયભાઈ મહેન્દ્રભાઈ ઝાલાએ ઈશ્વરસિંહ માનસિંહ ઝાલાને બોરડી ઝાડ કાપવા બાબતે એક ઉશ્કેરાઈ જઈ ગાળો આપી ઈશ્વરસિંહ અને રણજીતસિંહને લાકડાનો દંડો મારી જાનથી મારી નાખવાની ધમકી આપી આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા તાલુકા પોલીસ મથકના પ્રોહિબીશન ગુનામાં વોન્ટેડ આરોપીને પેરોલ સ્કવોર્ડ ભુતીયા પાનમ નદી પટ માંથી ઝડપી પાડયો

ગોધરા,

ગોધરા તાલુકાના પોલીસ મથકના પ્રોહિબીશન ગુનામાં છેલ્લા ચાર વર્ષથી નાસતા ફરતા વોન્ટેડ આરોપીને ચોકકસ બાતમીના આધારે ભુતીયા પાનમ નદીના પટ માંથી પેરોલ ફલો સ્કવોર્ડે ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના પોલીસ મથકના પ્રોહિબીશન ગુનાનો છેલ્લા ૪ વર્ષથી વોન્ટેડ આરોપી કલ્પેશભાઈ શંકરભાઈ ભોઈ (રહે. અસાયડી, ભગત ફળીયું, દે.બારીયા) અંગે પેરોલ ફલો સ્કવોર્ડને બાતમી મળી હતી કે, હાલ ભુતીયા પાનમ નદી નજીકના પટમાં છે. તેવી બાતમીના આધારે પોલીસે ઝડપી પાડી ગોધરા તાલુકા પોલીસ મથક સોંપવામાં આવ્યો.

## ઘોઘંબાના વાંકોડ ગામે ટી.યુ.વી.ગાડી માંથી ૬૦,૩૨૪/-રૂા.દારૂના જથ્થા સાથે ચાલકને રાજગઢ પોલીસે ઝડપ્યો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના વાંકોડ ગમન બારીયા ફળીયા જતા રસ્તા ઉપર મહિન્દ્રા ટી.યુ.વી.ગાડીમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો લઈ જવાઈ રહ્યો છે. તેવી બાતમીના આધારે ગાડી ઝડપી પાડી ઈંગ્લીશ દારૂ બિયર મળી ૬૦,૩૨૪/- રૂપીયાના તેમજ મોબાઈલ ફોન અને ગાડી મળી કુલ ૩,૬૪,૩૨૪/- રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના વાંકોડ ગમન બારીયા ફળીયા પાસે રાજગઢ પોલીસે પેટ્રોલીંગમાં હતા. બાતમીવાળી ગાડી મહિન્દ્રા ટીયુવી ૩૦૦ નં.જીજે.૦૬.જેકયુ.૧૩૮૦ને નાકાબંધી કરીને રોકી હતી. પોલીસે ગાડીમાં ચેકીંગ કરતાં ગાડી માંથી ઈંગ્લીશ દારૂની પ્લાસ્ટીક બોટલ નંગ-૧૦૮, બીયર ટીન નંગ-૧૬૮ મળી કુલ ૬૦,૩૨૪/-રૂપીયા તેમજ પકડાયેલ આરોપી લક્ષ્મણભાઈ ધાનકાભાઈ રાઠવા (રહે. ખંડબધ પૂજારીયા ફળીયા, છોટાઉદેપુર)ની અંગઝડતીમાં મોબાઈલ ફોન અને ગાડી મળી કુલ ૩,૬૪,૩૨૪/-રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લઈ આ બાબતે રાજગઢ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## કોમર્સ કોલેજ ગોધરા ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો




ગોધરા,

''હું મતદાન અવશ્ય કરીશ અને કરાવીશ'' તેમ જ ''મારો મત, મારી સરકાર'' એ વિષય પર સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાના એનએસએસ એકમ દ્વારા વકતૃત્વ સ્પર્ધા નું આયોજન કરાયું હતું. જેમાં ૧૮ ભાઈ બહેનોએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. વિદ્યાર્થીઓ અને વાલીઓ બંને ભેગા થઈ અને અચૂક મતદાન કરી અને મતદાનની ટકાવારી દિન પ્રતિદિન આપણા ગોધરા શહેર સહિત સમગ્ર દેશમાં વધે અને લોકશાહીનું રક્ષણ થાય તેવા આશયથી રાખવામાં આવેલી આ વકતૃત્વ સ્પર્ધામાં સ્પર્ધા ના અંતે પ્રથમ વર્ષ બીકોમની વિદ્યાર્થીની કુ. મહિમા પરમાર પ્રથમ નંબરે વિજેતા થઈ હતી. જેને એનએસએસના પ્રોગ્રામ ઓફિસર ડો. અરૂણસિંહ સોલંકી તથા લુણાવાડા કોલેજના પ્રો. ધીરજ નાથાણીના હસ્તે ટ્રોફી આપી સન્માનિત કર્યા હતા. પ્રારંભમાં કાર્યક્રમનું સ્વાગત પ્રવચન કુ. નિશી શાહે કર્યું હતું જ્યારે આભાર વિધિ કુ. માનસી ખરાદીએ કરી હતી.

## ભ્રષ્ટાચારીઓ સામે જીંજરી સરપંચની લાલ આંખ કોન્ટ્રાકટર ને બ્લેકલિસ્ટ કર્યો



ઘોઘંબા,

જીંજરી ગ્રામ પંચાયતે વિકાસના કામોમાં નબળી કામગીરી કરનાર કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરતાં ચકચાર મચી જવા પામી હતી. ઘોઘંબા તાલુકાના જીંજરી ગ્રામ પંચાયતમાં ખાડા અને ચોકડી બનાવવાની કામગીરી ચાલી રહી છે. પંચાયત દ્વારા ખાનગી કોન્ટ્રાક્ટરને આ કામ સોંપ્યું હતું. પરંતુ કોન્ટ્રાક્ટર દ્વારા કામમાં ગેરરીતી કરાતી હોવાની લોકબૂમ ઉઠતા સરપંચ દ્વારા સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને કામોમાં ગુણવત્તાનો અભાવ દેખાતા સરપંચે સામાન્ય સભા બોલાવી કોન્ટ્રાક્ટર સામે દંડાત્મક કાર્યવાહી કરી તેને બ્લેકલિસ્ટ કરવાની તજવીજ હાથ ધરી હતી.

સરપંચની ભ્રષ્ટાચાર સામેની કાર્યવાહી તાલુકામાં ચર્ચાનો વિષય બની ગઈ હતી અને જિંજરી ગામના સરપંચના આ કાર્યથી પ્રેરણા લઈ અન્ય ગ્રામ પંચાયતો પણ કોન્ટ્રાક્ટર સામે પગલાં લે જેથી ભ્રષ્ટાચાર નાબૂદ થાય.